

નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 128
Dt.: 15-03-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### તાત્કાલિક અસરથી જેલની બહાર આવશે સામાજિક કાર્યકર

# કેન્દ્ર સરકારે સોનમ વાંગચુક સામેનો NSA કર્યો રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લદાખમાં હિંસાને લઈને ધરપકડ કરવામાં આવેલા સામાજિક કાર્યકર અને એન્જિનિયર સોનમ વાંગચુકને મોદી સરકારે મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ તેમની અટકાયતને તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે.

સોનમ વાંગચુકને લદાખમાં થોડા મહિના પહેલા થયેલી હિંસા બાદ ધરપકડ કરવામાં આવ્યા હતા. સરકારનું કહેવું છે કે આ નિર્ણય લદાખમાં શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ મજબૂત કરવા અને તમામ પક્ષો સાથે રચનાત્મક સંવાદને આગળ વધારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા મુજબ, આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે અને યોગ્ય વિચાર-વિમર્શ બાદ સોનમ વાંગચુકની અટકાયત તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ લેહમાં હિંસાને કારણે ગંભીર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પેદા થઈ હતી. સરકારના જણાવ્યા મુજબ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાના ઉદ્દેશ્યથી લેહના જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ હેઠળ સોનમ વાંગચુકને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ દ્રજીછની જોગવાઈઓ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સોનમ વાંગચુક અટકાયતના સમયગાળાનો લગભગ અડધો સમય જેલમાં વિતાવી ચૂક્યા છે.

કેન્દ્ર સરકાર લદાખમાં વિવિધ હિતધારકો અને સમાજના નેતાઓ સાથે સક્રિય રીતે સંવાદ કરી રહી છે જેથી વિસ્તારના લોકોની ચિંતાઓનું સમાધાન કરી શકાય. જોકે બંધ અને વિરોધ પ્રદર્શનોનું વર્તમાન વાતાવરણ સમાજ માટે ખરાબ સાબિત થયું છે. પ્રદર્શનોને કારણે વિદ્યાર્થીઓ, નોકરી શોધનારાઓ, વ્યવસાયો, પર્યટન સંચાલકો અને પ્રવાસીઓ સહિત સમુદાયના વિવિધ વર્ગોને અને લદાખના અર્થતંત્રને ઘણું નુકસાન થયું છે. સોનમ વાંગચુક - લદાખના એક એન્જિનિયર, શિક્ષણવિદ અને સામાજિક કાર્યકર - લાંબા સમયથી શિક્ષણ અને પર્યાવરણ સંબંધિત મુદ્દાઓમાં સક્રિય છે. તેમણે લદાખમાં શૈક્ષણિક સુધારા અને સ્થાનિક પર્યાવરણીય સંરક્ષણ પર કેન્દ્રિત અનેક ઝુંબેશનું નેતૃત્વ કર્યું છે. આમિર ખાનની ફિલ્મ *3 ઈડિયટ્સ* માં દર્શાવવામાં આવેલ ફુનસુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુકથી પ્રેરિત હતું. તાજેતરના સમયમાં, તેઓ લદાખને લગતા રાજકીય અને બંધારણીય મુદ્દાઓ પર પણ અવાજ ઉઠાવી રહ્યા છે. ખાસ કરીને, તેમણે લદાખ માટે બંધારણીય સુરક્ષા, પર્યાવરણીય સંરક્ષણ અને સ્થાનિક લોકોના અધિકારોની હિમાયત કરતી ચળવળો અને વિરોધ પ્રદર્શનોનું વારંવાર આયોજન કર્યું છે.

### ગિલ-હર્ષિત સહિતના ખેલાડીઓને સન્માનિત કરાશે

# ૩ દિગ્ગજોને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે

### ૧૫ માર્ચે નવી દિલ્હીમાં બીસીસીઆઈ તરફથી નમન (NAMAN) એવોર્ડનું આયોજન કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટમાં વર્ષ દરમિયાન શાનદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ભ્રઝૈં દ્વારા નમન એવોર્ડ્સ ૨૦૨૪-૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ભારતીય ક્રિકેટના ધ વોલ કહેવાતા રાહુલ દ્રવિડ અને પૂર્વ દિગ્ગજ રોઝર બિન્નીને પ્રતિષ્ઠિત કર્નલ સી.કે. નાયડુ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ થી નવાજવામાં આવશે.

**દ્રવિડ, બિન્ની અને મિતાલી રાજનું સન્માન**

રોઝર બિન્નીઃ ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના હીરો અને BCCI ના પૂર્વ અધ્યક્ષ રોઝર બિન્નીને રમત અને વહીવટમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરાશે.

રાહુલ દ્રવિડઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૪,૦૦૦ થી વધુ રન બનાવનાર અને ભારતીય ટીમને T20 વર્લ્ડ કપ જીતાડનાર હેડ કોચ રાહુલ દ્રવિડને ખાસ સન્માન મળશે.

**શુભમન ગિલ અને સ્મૃતિ મંધાનાનો દબદબો**

યુવા બેટ્સમેન શુભમન ગિલને વર્ષ ૨૦૨૪-૨૫ ના શ્રેષ્ઠ પુરુષ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકે પોલી ઉમરીગર ટ્રોફી એનાયત કરવામાં આવશે. જ્યારે મહિલા વર્ગમાં સ્મૃતિ મંધાના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જાહેર થઈ છે. હર્ષિત રાણા (પુરુષ) અને શ્રી ચરણી (મહિલા) ને બેસ્ટ ઈન્ટરનેશનલ ડેબ્યૂનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

**યુવા અને ઘરેલું પ્રતિભાઓ**

જગમોહન દાલમિયા ટ્રોફીઃ શેફાલી વર્મા (સીનિયર મહિલા વનડે) અને ઈરા જાધવ (જૂનિયર).

માધવરાવ સિંધિયા પુરસ્કારઃ રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ હર્ષ દુબે (એલીટ) અને સૌથી વધુ રન યશ રાઠોડે (એલીટ) નોંધાવી છે.

એમ.એ. ચિદમ્બરમ ટ્રોફીઃ કૂચ બિહાર અને સી.કે. નાયડુ ટ્રોફીમાં શાનદાર દેખાવ કરનાર વિક્કી ઓસ્તવાલ અને નિત્ય પંડ્યા જેવા ખેલાડીઓનું સન્માન થશે.

આ કાર્યક્રમમાં તાજેતરમાં ICC ટ્રોફી જીતનાર ભારતીય ટીમોનું પણ અભિવાદન કરવામાં આવશે. જોકે, આ વખતે વિજેતા ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલી, રોહિત શર્મા કે સૂર્યકુમાર યાદવના નામ સામેલ નથી.

**BCCI નમન એવોર્ડ્સ (૨૦૨૪-૨૫) ના વિજેતાઓની સંપૂર્ણ યાદી**

લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ્સકર્નલ સી.કે. નાયડુ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ: રાહુલ દ્રવિડ અને રોઝર બિન્ની

મહિલાઓ માટે BCCI લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ: મિતાલી રાજ

આંતરરાષ્ટ્રીય પુરસ્કારોપોલી ઉમરીગર એવોર્ડ (શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પુરુષ ક્રિકેટર): શુભમન ગિલ

શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરઃ સ્મૃતિ મંધાના

શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ (પુરુષ): હર્ષિત રાણા

શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ (મહિલા): શ્રી ચરણી

વનડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ રન (મહિલા): સ્મૃતિ મંધાના

વનડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ વિકેટ (મહિલા): દીપ્તિ શર્મા

ઘરેલું ક્રિકેટ પુરસ્કારો (સીનિયર)લાલા અમરનાથ પુરસ્કાર (રણજી ટ્રોફીમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર): હર્ષ દુબે (વિદર્ભ)

લાલા અમરનાથ પુરસ્કાર (સીમિત ઓવરોની ઘરેલું સ્પર્ધામાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર): આયુષ મ્હાત્રે (મુંબઈ)

માધવરાવ સિંધિયા પુરસ્કાર (રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન - એલીટ ગ્રુપ): યશ રાઠોડ (વિદર્ભ)

માધવરાવ સિંધિયા પુરસ્કાર (રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન - પ્લેટ ગ્રુપ): સ્નેહલ કૌથંકર (ગોવા)

માધવરાવ સિંધિયા પુરસ્કાર (રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ - એલીટ ગ્રુપ): હર્ષ દુબે (વિદર્ભ)

માધવરાવ સિંધિયા પુરસ્કાર (રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ - પ્લેટ ગ્રુપ): જગદીશ સુચિત (નાગાલેન્ડ)

જગમોહન દાલમિયા ટ્રોફીશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર (સીનિયર ઘરેલું - વનડે): શેફાલી વર્મા (હરિયાણા)

શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર (જૂનિયર ઘરેલું): ઈરા જાદવ (મુંબઈ)

વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ રન (એલીટ ગ્રુપ): શાંતનુ સિંહ (ઉત્તર પ્રદેશ)

વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ રન (પ્લેટ ગ્રુપ): પ્રીતમ રાજ (બિહાર)

વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (એલીટ ગ્રુપ): યશવર્ધન સિંહ ચૌહાણ (મધ્ય પ્રદેશ)

વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (પ્લેટ ગ્રુપ): કિશન સરકાર (ત્રિપુરા)

એમ.એ. ચિદમ્બરમ ટ્રોફીકર્મલ સી.કે. નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન (એલીટ ગ્રુપ): મેકનીલ એચ.એન. (કર્ણાટક)

કર્મલ સી.કે. નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન (પ્લેટ ગ્રુપ): આર. જશવંત શ્રીરામ (પુડુચેરી)

કર્મલ સી.કે. નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (એલીટ ગ્રુપ): વિક્કી ઓસ્તવાલ (મહારાષ્ટ્ર)

કર્મલ સી.કે. નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (પ્લેટ ગ્રુપ): દીપજ્યોતિ સૈકિયા (આસામ)

કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ રન (એલીટ ગ્રુપ): નિત્ય જે. પંડ્યા (બરોડા)

કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ રન (પ્લેટ ગ્રુપ): રાઘવન રામમૂર્તિ (પુડુચેરી)

કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (એલીટ ગ્રુપ): હેમચુદેશન જે. (તમિલનાડુ)

કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ (પ્લેટ ગ્રુપ): અર્કજિત રોય (ત્રિપુરા)

અન્ય પુરસ્કારોઘરેલું ક્રિકેટમાં શ્રેષ્ઠ અમ્પાયરઃ ઉલ્હાસ ગાંઢે (વિદર્ભ)

ભ્રઝૈં ઘરેલું ટુર્નામેન્ટોમાં શ્રેષ્ઠ પ્રદર્શનઃ મુંબઈ ક્રિકેટ એસોસિએશન

# ઈરાનના ખર્ગ દ્વીપ પર અમેરિકાએ હુમલો કર્યાનો ટ્રમ્પનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન ડીસી



ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકાએ એક મોટો દાવો કર્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાની સેનાએ ઈરાનના ખર્ગ દ્વીપ પર બોમ્બમારો કરીને તમામ સૈન્ય ઠેકાણા સંપૂર્ણ નષ્ટ કર્યા છે. આ હુમલો અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ દ્વારા કરવામાં આવ્યો હતો અને તેનો હેતુ ઈરાનમાં ઉભા થઈ રહેલા ખતરાને ઓછો કરવાનો હતો. આ ઉપરાંત ટ્રમ્પે મહત્ત્વના ઓયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગામી નિશાન બનાવવામાં આવશે તેવી ચેતવણી આપી હતી.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું, આ હુમલો મધ્ય પૂર્વના ઈતિહાસના સૌથી શક્તિશાળી બોમ્બમારા અભિયાન પૈકીનું એક હતું. અમેરિકન સેનાએ ખાર્ગ દ્વીપ પર તમામ સૈન્ય ઠેકાણાને નિશાન બનાવીને સંપૂર્ણ રીતે નાશ કર્યા છે. ઊર્જાના પુરવઠા પર કોઈ અસર ન પડે તે માટે અમેરિકાએ જાણી જોઈને દ્વીપના ઓયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન નથી બનાવ્યા.ખર્ગ દ્વીપ ઈરાન માટે વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે ફારસની ખાડી સ્થિત એક મોટું તેલ નિકાસ કેન્દ્ર છે. અહીંયાથી ઈરાનના ઓયલનો મોટો હિસ્સો દુનિયાના વિવિધ દેશોમાં જાય છે. આ કારણે આ દ્વીપ ઈરાનની ઊર્જા વ્યવસ્થાનું મોટું કેન્દ્ર માનવામાં આવે છે. ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાની સેના પાસે એટલી તાકાત છે કે તેઓ દ્વીપના સંપૂર્ણ ઓયલ માળખાને પણ નાશ કરી શકે છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, ઈરાન કે અન્ય કોઈ દેશ હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો પર હુમલો કરશે તો અમેરિકા તેનો નિર્ણય બદલી શકે છે. આ સ્થિતિમાં અમેરિકા દ્વીપના તેલ માળખાને નિશાન બનાવવા પર વિચાર કરશે.આ ઉપરાંત ટ્રમ્પે કહ્યું, તેમના પ્રથમ કાર્યકાળથી લઈને અત્યાર સુધીમાં તેમણે અમેરિકન સેનાને વિશ્વની સૌથી શક્તિશાળી અને ઘાતક સેના બનાવી દીધી છે. ઈરાન પાસે અમેરિકાના હુમલનો સામનો કરવાની ક્ષમતા નથી

# FASTag એન્યુઅલ પાસના દરમાં વધારો, એપ્રિલથી નવો નિયમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર પ્રાઈવેટ વાહનોમાં ઉપયોગ થતા ફાસ્ટેગ એન્યુઅલ પાસના દરમાં ૨.૫ ટકાનો વધારો કર્યો છે. આ વધારા બાદ તેનો ચાર્જ ૩૦૦૦ રૂપિયાથી વધીને ૩૦૭૫ રૂપિયા થઈ ગયો છે. સરકારે કહ્યું છે કે, પહેલી એપ્રિલ પહેલા પાસ ખરીદનારાઓને ૩૦૦૦ રૂપિયા જ ખર્ચવા પડશે, જોકે તે બાદ વધારો લાગુ થશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ગયા વર્ષે ૧૫ ઓગસ્ટે ફાસ્ટેગ એન્યુઅલ પાસની શરૂઆત કરી હતી.

કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI) અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ કરી શકે છે.

અધિકારીઓએ કહ્યું કે, મંત્રાલયે 'ફાસ્ટેગ એન્યુઅલ પાસ'ની શરૂઆત કરી હતી, ત્યારે દર વર્ષે તેની કિંમતમાં ફેરફાર કરવાનો નિયમ પણ બનાવ્યો હતો.

અધિકારીએ કહ્યું કે, 'દેશભરના હાઈવે ટોલ ફીની કિંમતોમાં ફેરફાર કરવાની ફોર્મ્યૂલાના આધારે આ વધારો કરવામાં આવ્યો છે અને તે દર વર્ષે વધે છે. નવો વધારો પહેલી એપ્રિલથી લાગુ થવાનો છે, તેથી આ મહિને રૂપિયા ૩૦૦૦માં રિચાર્જ કરાવી શકાશે, ત્યારબાદ પહેલી એપ્રિલથી ૭૫ રૂપિયા વધુ ચુકવવા પડશે. એટલે કે પછી 'ફાસ્ટેગ એન્યુઅલ પાસ' રૂપિયા ૩૦૭૫માં રિચાર્જ કરાવવું પડશે.

૫૨ લાખ લોકો પર પાસમાં નવા વધારાની અસર પડશે. જોકે રાહતની વાત એ છે કે, તેમાં માત્ર ૨.૫ ટકાનો સામાન્ય વધારો કરાયો છે. વાર્ષિક ફાસ્ટેગ પાસ અંતર્ગત પ્રાઈવેટ વાહનો નેશનલ હાઈ-વે અને નેશનલ એક્સપ્રેસ-વે પર કોઈપણ એક્સ્ટ્રા ચાર્જ વગર ટોલ ગેટ પાર ક્રોસ કરી શકશે. આ માટે ફાસ્ટેગ પાસ બનાવવાનો રહેશે. આ પાસની વેલીડીટી એક વર્ષની રહેશે. આ દરમિયાન વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ કરી શકશે. જો તેનાથી ઉપર જશે તો ફરી પાસ રિચાર્જ કરાવવાનો રહેશે. આ ઉપરાંત આ પાસ નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાના (NHAI) પોર્ટલ અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવ કરી શકાશે.

# ઈન્ડિગો-એર ઈન્ડિયા બાદ હવે અકાસાએ પણ ઝીંક્યો ભાવવધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એર ઈન્ડિયા અને ઈન્ડિગો બાદ હવે અકાસા એર દ્વારા પણ ફ્લાઈટની ટિકિટો પર વધારાનો ચાર્જ વસૂલવાની જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં થયેલા વધારાને પગલે આ નિર્ણય લેવાયો છે. એરલાઈનના સત્તાવાર નિવેદન અનુસાર, ૧૫ માર્ચથી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ બંને રૂટ પર ટિકિટના દરોમાં વધારો જોવા મળશે. અકાસા એર ૧૫ માર્ચથી ફ્લાઈટની ટિકિટ પર ૧૯૯થી લઈને ૩૦૦ રૂપિયા સુધીનો ઈંધણ સરચાર્જ લાગુ કરશે. અગાઉ એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને ઈન્ડિગો જેવી એરલાઈન્સે પણ વધારાનો ફ્યુલ ચાર્જ ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું છે. એરલાઈને સ્પષ્ટ કર્યું છે કે આ સરચાર્જની રકમ ઉડાનના સમયગાળાના આધારે અલગ-અલગ નક્કી કરવામાં આવશે.મુસાફરો માટે રાહતના સમાચાર એ છે કે આ વધારો માત્ર નવા બુકિંગ પર જ લાગુ થશે. ૧૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાત્રે ૦૦:૦૧ વાગ્યા પછી કરવામાં આવેલી તમામ બુકિંગ પર જ આ વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે. જે મુસાફરોએ આ સમય પહેલા પોતાની ટિકિટ બુક કરાવી લીધી છે, તેમને આ મોંઘા ભાડાની અસર થશે નહીં. મહત્વનું છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે વિમાનના ઈંધણ (ATF)ના ભાવમાં અંદાજિત ૮૫ ટકાથી વધુનો તોતિંગ વધારો થયો છે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એરલાઈનના સંચાલન ખર્ચના લગભગ ૪૦% હિસ્સો ધરાવે છે, જેના કારણે એરલાઈન કંપનીઓ ફ્યુઅલ સરચાર્જ વધારી ટિકિટના ભાવમાં વધારો કરી રહી છે.

### રોકાણકારોને ભારે નુકસાન થયું

# મિડલ ઈસ્ટમાં તણાવથી શેરબજારમાં ઉથલપાથલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મિડિલ ઈસ્ટમાં પેદા થયેલા વાતાવરણે વૈશ્વિક સહિત ભારતીય ઘરેલું બજારના વલણને ખરાબ કરવાનું કામ કર્યું છે. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે પણ બજારમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૪૭૦.૫૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૪,૫૬૩.૯૨ પોઈન્ટ પર, જ્યારે NSE નિફ્ટી ૫૦ ૪૮૮.૦૫ પોઈન્ટ ઘટીને ૨૩,૧૫૧.૧૦ ના સ્તરે બંધ થયા હતા. ડરના આ વાતાવરણ વચ્ચે રોકાણકારોએ ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. બજારમાં ચાલી રહેલા આ ઘટાડાથી રોકાણકારોને જબરદસ્ત નુકસાનનો સામનો કરવો પડ્યો છે. આંકડાઓની વાત કરીએ તો, આ સપ્તાહે રોકાણકારોને કુલ ૧૯.૮૬ લાખ કરોડનું નુકસાન સહન કરવું પડ્યું છે. માત્ર શુક્રવારના ટ્રેડિંગ દિવસે જ રોકાણકારોના ૧૦.૨૪ લાખ કરોડ રૂપિયા માર્કેટમાંથી સાફ થઈ ગયા. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા સંઘર્ષની અસરની વાત કરીએ તો, યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધી રોકાણકારોને ૩૩.૬૮ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જેના કારણે રોકાણકારોમાં ચિંતા છે અને આગળની અનિશ્ચિતતાને લઈને પણ સંશય બનેલો છે. આ અઠવાડિયે શેરબજારમાં ઘણા સેક્ટરો પર દબાણ જોવા મળ્યું. જેમાં સૌથી વધુ ઘટાડો ઓટો સેક્ટરમાં નોંધાયો હતો. સમગ્ર સપ્તાહ દરમિયાન ઓટો સેક્ટર આશરે ૧૦.૬૪ ટકા તૂટી ગયું. જેના કારણે ઓટો ઈન્ડેક્સ ૨૬,૭૭૦ અંકથી ઘટીને લગભગ ૨૪,૧૯૫ ના સ્તર સુધી આવી ગયો. વેચવાલીના દબાણે ઓટો સેક્ટર પર સૌથી વધુ અસર છોડી છે.ઓટો પછી ઘટાડાની બાબતમાં PSU બેંક સેક્ટર બીજા ક્રમે રહ્યું, જેમાં આશરે ૭.૨૭ ટકાની નબળાઈ આવી.




# તંત્રી લેખ......

## વિપક્ષનો રાજકીય નાદારી, હેડલાઈન્સ બનાવવાનો હાસ્યાસ્પદ પ્રયાસ

લોકસભા સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ હાર્યા પછી, વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને બરતરફ કરવું તેની રાજકીય અને બૌદ્ધિક નાદારી દર્શાવે છે. સંખ્યાબંધ મતાધિકારના અભાવે અને મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની જટિલ અને લાંબી પ્રક્રિયાને કારણે વિપક્ષની આ પહેલ સફળ નહીં થાય તે લગભગ નિશ્ચિત છે. જો કે, જો તેઓ આમ કરી રહ્યા છે, તો તે સ્પષ્ટપણે સમાચારોમાં ઉતરવા અને એ વાતનો ભય વ્યક્ત કરવા માટે છે કે મતદાર યાદીઓના વિશેષ સઘન સંશોધન દ્વારા તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે.

બિહારમાં એસઆઈઆર દરમિયાન પણ આવો જ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ દરેક વ્યક્તિ જાણે છે કે વિપક્ષને ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. એ પણ અવગણવું જોઈએ નહીં કે સુપ્રીમ કોર્ટે વારંવાર કહ્યું છે કે જૈંઈનું સંચાલન કરવું એ ચૂંટણી પંચનો વિશેષાધિકાર છે અને તે આ પ્રક્રિયામાં દખલ કરશે નહીં. તૃણમૂલ કોંગ્રેસ, જેને એસઆઈઆર સામે સૌથી વધુ વાંધો છે અને જેની પહેલ પર મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની નોટિસ બજાવવામાં આવી હતી, તે સુપ્રીમ કોર્ટે માત્ર નિરાશ જ નથી થઈ, પરંતુ તેના દ્વારા ઠપકો પણ આપ્યો છે.

એવું લાગે છે કે તૃણમૂલ કોંગ્રેસ નારાજ છે કે, બંગાળ વહીવટીતંત્ર દ્વારા એસઆઈઆરમાં અવરોધને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે આ પ્રક્રિયાને ન્યાયિક દેખરેખ સોંપી છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય બંગાળ વહીવટીતંત્રની પ્રામાણિકતા પર પ્રશ્નો ઉભા કરે છે. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સુપ્રીમ કોર્ટ બંગાળમાં એસઆઈઆરને વધુ સાંભળવાના મૂડમાં નથી. આનો અર્થ એ થાય છે કે ત્યાં જારી કરાયેલ એસઆઈઆરમાં કોઈ ખામી નથી. જો, આ પછી પણ, તૃણમૂલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો માને છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાના તેમના પ્રયાસોથી તેમને નોંધપાત્ર રાજકીય લાભ મળશે અને દેશના લોકોનું ધ્યાન આકર્ષિત થશે, તો આ એક સ્વપ્ન છે.

જો વિપક્ષ મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની જરૂરિયાતને ઉજાગર કરીને ચૂંટણી પંચને કલંકિત કરવાની યોજના ધરાવે છે, તો આ પણ એક બિનજરૂરી રાજકીય કવાયત માનવામાં આવશે, કારણ કે દરેક જાણે છે કે તાજેતરના વર્ષોમાં, પંચે માત્ર જાહેર વિશ્વાસ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પણ મેળવી છે. ખોટા આરોપો સાથે બંધારણીય સંસ્થાને બદનામ કરવી એ રાજકીય આત્મહત્યા સિવાય બીજું કંઈ નથી, કારણ કે તૃણમૂલ કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષી પક્ષો, જે ચૂંટણી પંચના કાર્યપદ્ધતિથી અસંતુષ્ટ છે, તે જ કમિશન દ્વારા યોજાતી ચૂંટણીઓ દ્વારા સત્તામાં છે.

## પેટલાદના યુવક સહિત ૪૫ લોકો સાથે રૂ. ૧.૪૮ લાખની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના ખંભાત શહેરના મૂળ વતની હાલ વડોદરા શહેરમાં સ્ટાર રેસીડેન્સી વસંત વિહાર ભાયલી રોડ વિસ્તારમાં રહેતા એક શખ્સે ૪૫ જેટલા લોકોને વારાણસી ખાતે યોજાયેલી કથામાં લઈ જવા માટે રૂ.૧.૪૮ લાખ ઉપરાંતની રકમ ઓનલાઈન મેળવી લઈને ટિકીટ બુક નહીં કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ પેટલાદ શહેર પોલીસમથકમાં નોંધાઈ છે. આણંદ જિલ્લાના પેટલાદ શહેરમાં નાના પંડયાની પોળ વિસ્તારમાં કુણાલ કિરીટભાઈ ત્રિવેદી રહે છે. તેઓ દશ વર્ષ પહેલા પેટલાદ રાજકિય સંસ્કૃત પાઠ શાળામાં પૂજાપાઠ કરવા માટે જતા હતા. ત્યારે તેમની સાથે વડોદરા ખાતે રહેતા મૂળ ખંભાતના ચિરાગભાઈ મુકેશચંદ્ર જોશી પણ પૂજાપાઠ શીખવા માટે આવતા હોવાથી તેમની સાથે ઓળખાણ થઈ હતી. તેમને અઢી માસ અગાઉ ચિરાગભાઈ જોષીએ કહ્યું હતુ કે, વારાણસી ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન તારીખ ૫-૩-૨૦૨૬થી ૧૧-૩-૨૦૨૬ સુધીનું કરવામાં આવ્યું છે. જે કથામાં તમારે તેમજ બીજા લોકોને આવવું હોય તો જણાવજો તેમ કહેતા કુણાલભાઈએ પોતાના ઓળખીતાઓને આ બાબતે વાત કરતા ૪૫ લોકો વારાણસી જવા માટે તૈયાર થયા હતા. જેથી ચિરાગભાઈએ વડોદરાથી તારીખ ૪-૩-૨૦૨૬ના રોજ ટ્રેનમાં જવાનું છે તેમ જણાવીને એક વ્યકિતના રૂ. ૩૩૦૦ થશે જે ગુગલ પે થી મોકલી આપજો. જેથી રેલવેની ટિકીટ બુક કરાવી શકાય તેમ પણ જણાવ્યું હતું.જેથી કુણાલભાઈએ પોતાના ઓળખીતા તમામ ૪૫ લોકો પાસેથી ગુગલ પે થી નાણાં મંગાવીને રૂ.૧,૪૮,૫૦૦ની રકમ ચિરાગભાઈ જોશીને ગુગલ પે થી મોકલી આપ્યા હતા. દરમ્યાન વારાણસી જવાની તારીખ નજીકમાં આવતાં ચિરાગભાઈને રેલવેની ટિકીટ બુક થઈ હોય તો મોકલી આપવા જણાવતા જ ચિરાગભાઈએ એજન્ટે ટિકીટો બુક કરાવી નથી. જેથી તેમણે ટિકીટ કેન્સલ થઈ હોય તો પૈસા પરત આપો તેમ કહેતાં જ ચિરાગભાઈએ હાલ મારી પાસે નાણાં નથી આવશે ત્યારે આપીશ તેમ કહીને આજ દિન સુધી નાણાં પરત આપ્યા ન હતા. જેથી કુણાલભાઈ સહિતના લોકોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું.આ બનાવ અંગે કુણાલભાઈ કિરીટભાઈ ત્રિવેદીએ પેટલાદ શહેર પોલીસમથકનો સંપર્ક સાધી સમગ્ર હકીકત જણાવતાં પોલીસે મુળ ખંભાતના હાલ વડોદરા ભાયલી રોડ વિસ્તારમાં રહેતા ચિરાગ મુકેશચંદ્ર જોશી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૪/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૭૯૭ | ૪૪૦.૦૦ | ૬૨૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૨.૦૦ |
| ૪ | રાયડો | ૪૫ | ૧,૧૮૧.૦૦ | ૧,૧૯૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૩૦.૦૦ |
| ૬ | મકાઇ | ૨૦ | ૩૩૦.૦૦ | ૩૮૦.૦૦ |
| ૭ | ચણા | ૧૫ | ૯૫૦.૦૦ | ૧,૦૩૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૭૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૪૫૮.૦૦ |
| ૯ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

મોબાઈલ અને ટીવીના આભાસી વિશ્વ વચ્ચે સ્કાઉટ્સ-ગાઈડ્સના યુવાનો રાષ્ટ્ર અને પ્રકૃતિની સેવામાં કાર્યરતઃ રાજ્યપાલશ્રી

# સેવા, શિસ્ત અને સંસ્કાર જ યુવા જીવનનો સાચો શણગાર; સ્કાઉટ્સ-ગાઈડ્સ પ્રવૃત્તિ રાષ્ટ્રનિર્માણની પાઠશાળાઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### નાની ઉંમરે રચાયેલો સ્વભાવ જ આજીવન વ્યક્તિત્વની ઓળખ બને છે; ભૂલો છુપાવવાને બદલે પારદર્શક બનવા યુવાનોને રાજ્યપાલશ્રીની શીખ






ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે આયોજિત 'ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સ' ના રાજ્ય સન્માન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સ્કાઉટ્સ-ગાઈડ્સ અને રોવર-રેન્જર્સને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા.

આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી જ્યારે મોબાઈલ, ટીવી અને અન્ય વ્યસનોના પ્રભાવ હેઠળ છે, ત્યારે સ્કાઉટ્સ-ગાઈડ્સની આ શિસ્તબદ્ધ ટીમમાં જોડાયેલા બાળકો ખરેખર ભાગ્યશાળી છે. નાની ઉંમરે જ્યારે તમે વૃક્ષારોપણ, સ્વચ્છતા અને જળ સંરક્ષણ જેવા કાર્યો સાથે જોડાવ છો, ત્યારે તે તમારા જીવનનો હિસ્સો અને સ્વભાવ બની જાય છે. શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે બાળપણમાં બનેલો સ્વભાવ અંતિમ શ્વાસ સુધી બદલાતો નથી.

કિશોરાવસ્થામાં થતા શારીરિક અને માનસિક પરિવર્તનો વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ માર્ગદર્શન આપ્યું કે, સાતમા ધોરણથી લઈને કોલેજ સુધીની આ ઉંમર અત્યંત સંવેદનશીલ હોય છે. આ ઉંમરે બાળકો હૃદયથી વધુ અને મગજથી ઓછું વિચારે છે. જે બાળક પોતાની ભાવનાઓ પર નિયંત્રણ રાખી વિવેકબુદ્ધિથી નિર્ણય લે છે, તે જ બધાથી અલગ તરી આવે છે અને સફળતાના શિખરો સર કરે છે.

રાજ્યપાલશ્રીએ બાળકોને નિર્ભય અને પારદર્શક બનવાની શીખ આપતા કહ્યું કે, મનુષ્ય હોવાને નાતે ભૂલ થવી સ્વાભાવિક છે, પરંતુ ભૂલને છુપાવવી એ અપરાધના માર્ગે જવાનું પ્રથમ પગલું છે. જે ક્ષણે તમે ભૂલ છુપાવો છો, તે ક્ષણે તમે અપરાધી બનવાનું બીજ વાવો છો. કોઈ પણ ભૂલ થાય તો તમારા માતા-પિતા કે ગુરુજનોને નિસંકોચ જણાવી દો. તેનાથી તમારા મનનો બોજ હળવો થશે અને તમે ખોટા માર્ગે જવાથી બચી જશો.

'કર્મ જ ધર્મ' ના સૂત્રને સમજાવતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આળસ એ મનુષ્યના શરીરનો સૌથી મોટો શત્રુ છે. સૂતેલા સિંહના મોઢામાં હરણ પોતે આવીને પ્રવેશતું નથી, તેને પણ શિકાર માટે પરિશ્રમ કરવો પડે છે. તેવી જ રીતે, જીવનમાં શૈક્ષણિક કે સામાજિક ક્ષેત્રે સફળ થવા માટે તપસ્વી જીવન અને સખત મહેનત અનિવાર્ય છે.

રાજ્યપાલશ્રીએ વ્યસનમુક્તિ અને શુદ્ધ આહાર પર ભાર મૂકતા જણાવ્યું કે, આજની યુવા પેઢી જંક ફૂડ અને વ્યસનો તરફ વળી રહી છે, જે કેન્સર અને હાર્ટ એટેક જેવી બીમારીઓને આમંત્રણ આપે છે. માતાના હાથે બનેલું શુદ્ધ ભોજન જ સ્વાસ્થ્યનો સાચો આધાર છે. તેમણે ઉમેર્યું કે, આપણે માત્ર ૩ વર્ષ એક વૃક્ષને ઉછેરવાનું છે, પછી તે વૃક્ષ આજીવન આપણને ઓક્સિજન આપે છે. પથ્થર મારનારને પણ ફળ આપનારા વૃક્ષો પાસેથી આપણે પરોપકારની ભાવના શીખવી જોઈએ.

આ પ્રસંગે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, રાજ્યપાલશ્રીએ માત્ર લોકભવનમાં રહીને જ નહીં, પરંતુ આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં જઈને, ગરીબ-ખેડૂતોના ઘરે તેમની સાથે ભોજન લઈ, ગામની સરકારી પ્રાથમિક શાળાઓમાં રોકાઈને પ્રાકૃતિક ખેતીનો જે પ્રસાર કરી રહ્યા છે, તે અભૂતપૂર્વ છે.

તેમણે ઉમેર્યું કે, અમદાવાદ ખાતે સ્કાઉટ-ગાઈડનું વિશાળ 'કોમ્યુનિટી હોલ'નું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, સ્કાઉટ્સ ગાઈડ્સ પ્રવૃત્તિ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્રને ચરિતાર્થ કરે છે.

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સના રાજ્ય આયુક્ત (સ્કાઉટ) શ્રી હસમુખભાઈ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, રાજ્યમાં અંદાજે ૪૦,૦૦૦ સ્કાઉટ્સ-ગાઈડ્સ કાર્યરત છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે કુલ ૧,૮૭૨ સ્કાઉટ-ગાઈડ્સે રાજ્ય પુરસ્કારની સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં ૧,૦૩૨ સ્કાઉટ્સ, ૧૯ રોવર અને ૭૯૯ ગાઈડ્સનો સમાવેશ થાય છે. આજના સમારોહમાં ૧૭ જિલ્લાના કુલ ૮૧૫ બાળકો પ્રત્યક્ષ રીતે સહભાગી થયા છે. તેમણે ઉમેર્યું કે, આ સંસ્થા બાળકોમાં શિસ્ત, સેવા, કરુણા, નેતૃત્વ અને રાષ્ટ્રભાવ જેવા ગુણોનું સિંચન કરે છે.

આ અવસરે સ્કાઉટ્સ-ગાઈડ્સ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના રાજ્યના મુખ્ય કમિશનર શ્રી સવિતાબેન પટેલ, વાઈસ પેટ્રન અને ઓરિસ્સા હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ કલ્પેશભાઈ ઝવેરી, રાજ્ય આયુક્ત (ગાઈડ) શ્રી અંજનાબેન ચૌધરી, ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ શ્રી ડાહ્યાભાઈ પટેલ તેમજ રાજ્ય કોષાધ્યક્ષ શ્રી છનાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં પોલીસ પણ હવે સલામત રહી નથીઃ અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક ચાલુ ગાડીએ પોલીસ ડ્રાઈવરનુ ગળુ દબાવ્યુંઃ સ્વબચાવમાં પોલીસે કર્યુ ગેંગસ્ટર પર કર્યુ ફાયરીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવુ લાગી રહ્યુ છે. પોલીસ પણ હવે સલામત રહી નથી, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (ગુજસીટોક) ગુન્હામાં વોન્ટેડ અને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સાથે સંકળાયેલા રીઢા ગુન્હેગાર સુખલાલ ઉર્ફે શાકાજી ડાંગીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા માટે ફીલ્મી સ્ટાઈલે હુમલો કર્યો હતો.



અરવલ્લી જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ પાસે આરોપીએ પોલીસ ડ્રાઈવરનુ ગળુ દબાવવાની સર્જાયેલી અફરાતફરીમાં પોલીસ ઈન્સ્પેકટરે સ્વબચાવમાં ફાયરીંગ કરવુ પડયુ હતું. જેમાં આરોપીના કાંડા ના ભાગે ગોળી વાગતા તેને સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખસેડાયો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગાંધીનગરના ગુજસીટોક અને દારૂબંધીના કેસમાં વોન્ટેડ સુખલાલ ઉર્ફે શાકાજી ડાંગી ને ગઈ તારીખ ૧૨ માર્ચ ના રોજ રાજસ્થાનના ઉદયપુરના પ્રતાપનગર વિસ્તારમાંથી દબોચી લીધો હતો. ગઈ કાલે શુક્રવારે સવારે પોલીસની ટીમ કારમાં આરોપીને લઈને ગુજરાત આવી રહી હતી. જેમાં આરોપીને હાથકડી પહેરાવી પાછળની સીટ પર બે પોલીસ જવાનોની વચ્ચે બેસાડવામાં આવ્યો હતો. ગઈકાલે શુક્રવારે ૧૧ વાગ્યાની આસપાસ જયારે પોલીસની કાર શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પસાર કરી રહી હતી, ત્યારે અચાનક પાછળ બેઠેલા આરોપી સુખલાલે હિંસક વલણ અપનાવ્યુ હતું. તેણે હાથકડી વડે ગાડી ચલાવી રહેલા હેડ કોન્સ્ટેબલ જગદીશના માથા પર પ્રહાર કર્યો હતો. અને ત્યારબાદ હાથકડીની સાંકળ તેમના ગળામાં નાખી ગળુ ટુંપવાનો પ્રયાસ કર્યો હતો. ડ્રાઈવર પર હુમલો થતા ચાલુ ગાડીમાં જીવનુ જોખમ ઉભુ થયુ હતું અને કાર પરથી કાબુ ગુમાવ્યો હતો.

આ દરમિયાન બાજુની સીટ પર બેઠેલા પોલીસ ઈન્સ્પેકટરે આરોપીને ચેતવણી આપી હતી. પરંતુ આરોપી વધુ ઉશ્કેરાઈને હુમલો ચાલુ રાખતા આખરે ઈન્સ્પેકટરે પોતાની સર્વિસ ગન કાઢી આરોપીના જમણા હાથને નિશાન બનાવી એક રાઉન્ડ ફાયર કર્યો હતો. ગોળી સુખલાલ ના કાંડામાં વાગી ને આરપાર નીકળી ગઈ હતી અને ગાડીના પાછળના દરવાજામાં વાગી હતી. આ દરમિયાન કાર રોડ સાઈડની રેલીંગ સાથે ઘસાઈને ઉભી રહી ગઈ હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત પોલીસ જવાન અને આરોપીને તાત્કાલીક શામળાજી સામુહિક આરોગ્ય કેન્દ્ર લઈ જવામાં આવ્યા હતા. જયાંથી આરોપીને વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ રીફર કરાયો હતો. શામળાજી પોલીસે આરોપી વિરૂધ્ધ સરકારી કર્મચારી પર હુમલો, ગંભીર ઈજા પહોંચાડવાનો પ્રયાસ અને ફરજમાં રૂકાવટ બદલ નવી કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કુપોષીત બાળકોની પ્રશ્નોત્તરીમાં ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને મંત્રી ડો. મનિષા વકીલ વચ્ચે ઉગ્ર તડાફડી : મંત્રી મનિષા વકીલ ધારાસભ્યને ગોળ ગોળ જવાબ આપતા તડાફડી સર્જાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા પ્રશ્નો દરમિયાન કુપોષણ અને વિધવા સહાય યોજનાનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. રાજયમાં કુપોષણ ઘટાડવાના સરકારના દાવાઓ વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં હજારો બાળકો કુપોષિત હોવાના આંકડા સામે આવતા ગૃહમાં મંત્રી મનિષા વકીલે ગૃહમાં જવાબ આપતા જણાવ્યુ હતુ કે રાજયને કુપોષણ મુકત બનાવવા સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તેના પરીણામે ધીમે ધીમે કુપોષણના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આહાર પધ્ધતિમાં આવેલા બદલાવ અને કેટલીક સ્થાનિક પરીસ્થિતિઓને કારણે કેટલાક વિસ્તારોમાં હજુ પણ કુપોષણ જોવા મળે છે.



આ મુદ્દે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ગૃહમાં ગોળ ગોળ જવાબ આપતા મંત્રીને ઘેર્યા હતા. બંને વચ્ચે આંકડાઓને લઈને સામ સામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હતી. સાબરકાંઠા જિલ્લામાં ૧૬ હજાર થી વધુ બાળકો કુપોષિત છે. આ દરમિયાન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણના આંકડાઓ રજુ કરતા મંત્રીએ જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લામાં અનેક તાલુકાઓમાં ૬૪૧૨ કુપોષિત બાળકો નોંધાયા છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં લગભગ ૧૬ હજાર થી વધુ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે બાયડ વિસ્તારમાં ૮૫૩ બાળકો કુપોષીત છે.

મંત્રી મનિષા વકીલને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી, આ મુદ્દે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ગૃહમાં મંત્રીને ઘેર્યા હતા. મેવાણી અને મંત્રી મનિષા વકીલ વચ્ચે આંકડાઓને લઈને સામ સામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હોવાનો માહોલ ઉભો થયો હતો. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઈડ પુરક પોષણ આહાર આપવામાં આવે છે. ચર્ચા દરમિયાન સરકાર તરફથી જણાવાયુ હતુ કે રાજયના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઈડ પુરક પોષણ આહાર આપવામાં આવે છે. ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર કુપોષિત બાળકો માટે ખાસ પોષણ સહાય અને આરોગ્ય સેવા પણ આપવામાં આવી રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે વિધવા સહાયનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## રાજકોટમાં મેડિકલના વિદ્યાર્થીનો ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ AIIMSના મેડિકલના વિદ્યાર્થીએ જીવન ટૂંકાવી લેતા મેડિકલ જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૂળ રાજસ્થાનના અને એઈમ્સમાં MBBSના અભ્યાસ બાદ ઈન્ટર્નશીપ કરી રહેલા ડોક્ટરે શનિવારે (૧૪મી માર્ચ) સવારે પરાપીપળિયા રેલવે ફાટક પાસે ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરી લીધો હતો.મળતી માહિતી અનુસાર, ઘટનાની જાણ થતા જ ગાંધીગ્રામ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તપાસ દરમિયાન મૃતક પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં ડૉક્ટરે પોતે 'મેન્ટલી ડિસ્ટર્બ' હોવાને કારણે આ અંતિમ પગલું ભરી રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ કોઈ અંગત કે શૈક્ષણિક દબાણ હતુ કે કેમ તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યાનુસાર, મૃતક ડૉ. રતનકુમાર મેઘવાલ મૂળ રાજસ્થાનના જેસલમેરનો વતની હતો. તે રાજકોટ એઈમ્સમાં સ્મ્મ્જી પૂર્ણ કરી અત્યારે ઈન્ટર્ન ડોક્ટર તરીકે સેવા આપી રહ્યો હતો. યુવાનના આપઘાતના સમાચાર તેના પરિવારને આપવામાં આવતા તેઓ રાજસ્થાનથી રાજકોટ આવવા રવાના થયા છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ગેસ સિલિન્ડરની કાળાબજારી રોકવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરેઃ AAP

# દેશમાં ઉભા થયેલા ગેસ સંકટ સામે વડોદરામાં AAPનો વિરોધ





અમદાવાદ /વડોદરા / ગુજરાત

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે સમગ્ર ભારતમાં એલપીજી ગેસનું સંકટ ગંભીર બનતું જઈ રહ્યું છે. મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત દેશના અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો પર પણ તેની અસર જોવા મળી રહી છે. તેના કારણે કરોડો લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે અને રોજગાર પર પણ અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે સરકાર આગોતરા આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે. જેના કારણે આજે દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરની કાળાબજારી વધી રહી છે. આ સમગ્ર મુદ્દાને લઈને આજે આમ આદમી પાર્ટીના વડોદરા શહેર સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના શહેર પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સમર્થકો હાજર રહ્યા હતા.વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે ગેસ સંકટ મુદ્દે કડક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને સામાન્ય લોકોને તાત્કાલિક રાહત મળે તે માટે સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને કોઈ તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ માટે ગેસ વિતરણની સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે. જો ક્યાંય પણ ગેસ પુરવઠાની કાળાબજારી થતી હોય તો તેને તાત્કાલિક રોકવામાં આવે અને ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરના ભાવ ડબલથી પણ વધુ વધી ગયા છે. આ વધેલા ભાવોને નિયંત્રિત કરવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

# વિધાનસભા ગૃહમાં ગેરહાજર ધારાસભ્યોને વિધાનસભા અધ્યક્ષની ટકોર

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાના ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન ધારાસભ્યોની ગેરહાજરીને લઈને વિધાનસભા અધ્યક્ષે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. ખાસ કરીને જે ૭ ધારાસભ્યોએ જનતાના પ્રશ્નો પુછ્યા હતા, તેઓ પોતે જ ગૃહમાં હાજર ન રહેતા અધ્યક્ષે આ બાબતને અત્યંત અયોગ્ય ગણાવી હતી.

આ યાદીમાં શિવાભાઈ ગોહિલ, અરવિંદ પટેલ, અરવિંદ રાણા, અલ્પેશ ઠાકોર, કલ્પેશ પરમાર, મેઘજી ચાવડા અને દી કે સ્વામી જેવા દિગ્ગજ નેતાઓ ગેરહાજર રહ્યા હતા. અધ્યક્ષે દંડકને કડક સુચના આપી હતી કે તેઓ ધારાસભ્યોને ગૃહમાં અનિવાર્યપણે હાજર રહેવા માટે જાણ કરે , લોકશાહીની ગરીમા જાળવવા અને જન પ્રતિનિધિ તરીકેની જવાબદારી નિભાવવા માટે પ્રશ્નોત્તરી સમય ગૃહમાં હાજરી આપવી અત્યંત આવશ્યક છે. તેવુ જણાવી અધ્યક્ષે તમામ સભ્યોને આ મામલે ગંભીરતા દાખવવા ટકોર કરી હતી.

# ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને હરિયાણાની રાજસભાની ચૂંટણીના પ્રભારી તરીકે નિયુકત કરાતા એમને અભિનંદન પાઠવતા સામાજિક અગ્રણી છગનલાલ મેવાડા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી એવા હર્ષ સંઘવીને માથે સમગ્ર ગુજરાત રાજયની જવાબદારી હોવા છતાં એમને હરિયાણાની રાજય સભાની ચૂંટણીના ઉમેદવારો માટેની રાષ્ટ્રીય કક્ષાના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે એ બદલ ગુજરાતીઓ અને સમગ્ર ગુજરાત માટે ગર્વની બાબત છે. અને આજ રીતે તેઓ જીવનમાં આગળ વધી દેશની સેવા કરતાં રહે એવી શુભેચ્છા સાથે એમને વિકાસ ગ્રાહક સુરક્ષા સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાત ના પ્રમુખ છગનલાલ મેવાડાએ ગુજરાતની ૬ કરોડની જનતા વતી અભિનંદન પાઠવતા ગર્વની લાગણી વ્યકત કરે છે.

આમ જોવા જઈએ તો નાયબ મુખ્યમંત્રીની સાથે બે ટર્મથી ગૃહમંત્રીની જવાબદારી બહુ મોટી હોય છે. ગુજરાતની બોર્ડરથી લઈ ૬ કરોડની જનતાની સુરક્ષાની જવાબદારીઓ છે. તેમજ માં-બેન – દીકરીઓ ની સુરક્ષા હોય કે પછી વારંવાર હાઈકોર્ટ, સેસન્સ કોર્ટો, યુનિવર્સિટી, પોસ્ટ ઓફિસો, પાસપોર્ટ ઓફિસો ને ક્રિમિનલ માઈન્ડ ધરાવતા અસામાજિક તત્વો ઈમેલના માધ્યમથી તેમજ ધાર્મિક સ્થળો, સરકારી કચેરીઓ વિગેરેને બોમ્બથી ઉડાવી દેવાની વારંવાર ધમકીઓ મળતી હોવા છતાં તમારા ગૃહ વિભાગના તમામ બાહોશ અધિકારીઓ એમના પોતાના જાન-માલની ચિંતા કર્યા વગર તેમજ ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતના તમામ સ્ટાફ સ્થળ નિરિક્ષણ કરી ને ૬ કરોડ ગુજરાતીઓની સુરક્ષા પૂરી પાડતા હોય છે. અને આવા બાહોશ અધિકારીઓને કારણે પ્રજા શાંતિની ઊંઘ લેતી હોય છે.

પરંતુ સોનાની થાળી માં લોઢાં ની મેખ જેવા કેટલાક લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ પોલીસ ખાતાને બદનામ કરી રહ્યા છે. તેવા ભ્રષ્ટ અને લાંચિયા અધિકારીઓને સુરત શહેર અથવા જિલ્લા તથા તાલુકાના નાનામાં નાના પોલીસ સ્ટેશનો સહિત સંવેદનશીલ વિસ્તારો જેવાકે લિંબાયત, ગોડાદરા, ડિંડોલી, ઉધના,ઉન, ભેસ્તાન, પાંડેસરા, સચીન, સચીન GIDC વિગેરે જેવા પોલીસ સ્ટેશનમાં રોજે રોજ નોંધાતા ખૂના મરકીના કારણે આવા વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલથી લઈ ઉચ્ચ કક્ષાના અધિકારીઓને એક જ જગ્યા ઉપર ત્રણ વર્ષથી વધુ સમય થઈ ગયો હોય એમને શહેર જિલ્લા અને તાલુકાને બદલે જિલ્લા ફેર બદલી કરવામાં આવે કેમ કે ત્રણ વર્ષ એક જ જગ્યા એ નોકરી કરતાં હોવાથી ત્યાંના સ્થાનિક બુટલેગરો, અસામાજિક તત્વો, ડ્રગ્સનું વેચાણ કરનારાઓ તેમજ ગેરકાનૂની ધંધા કરનારાઓ ભૂ માફિયા અને લોકોની જમીનો કાવાદાવાથી હડપ કરનારાઓ અસલ જમીન માલિકો તથા મૂળ ખેડૂતો ને ખોટા પાવર, ખોટા દસ્તાવેજ, ખેડૂતો તેમજ ફલેટ માલિકોના મૃત્યુ બાદ મરનારની ખોટી સહી કરી સબ-રજીસ્ટાર અને નોટરીની મીલીભગતના કારણે લોકોની મિલકતો હડપી લેતા હોય છે.એવા લોકો સાથે નજીકના સંબંધો બંધાતા હોવાથી એમની મિલીભગતમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવાનું પાપ કરતાં હોય છે. એક જગ્યા એ લાંબા સમયથી નોકરી કરતાં હોવાથી લુખ્ખાતત્વોના મળતિયા મારફતે પોલીસ સાથે ઘરોબો બંધાતો હોવાથી પોલીસનો ખોફ રહેતો નથી. નાની નાની બાબતોમાં નાની મોટી લેવડ-દેવડમાં તેમજ એક બીજાની ગાડીને ઓવરટેક કરવામાં અને નહીં જેવી બાબતમાં લબરમૂછિયા ટપોરીઓ મારા-મારી અને ખૂના-મરકી કરી, ખંડણી, અપહરણ અને વ્યાજ ખોરોનો ત્રાસ, સરેઆમ રોડ ઉપર જાહેરમાં તલવાર, ચપ્પા, છુરી, ફટકા વિગેરેથી હત્યા કરી નાંખતા હોય છે. જેમને પોલીસનો કોઈ ખોફ રહેતો નથી. બુટલેગરો અને નાના-મોટા ગેરકાનૂની ધંધા કરનારાઓ પોલીસ કોન્સ્ટેબલથી લઈ ટોપના અધિકારીઓ સુધી એમના હપ્તા પહોંચતા હોવાથી બેફામ બની કોલર ઊંચા રાખી પોત પોતાના વિસ્તારમાં ભાઈગીરી, માફિયાગીરી બતાવતા હોય છે. જેના કારણે જાહેરમાં મારા-મારી ખૂના મરકી થતાં આમ નાગરિકની સુરક્ષાનો સવાલ ઊભો થાય છે.

એ સાથે નાની નાની બાળકીઓના અપહરણ કરવા સાથે એમને અવાવરું જગ્યામાં લઈ જઈ એમની ઉપર બળાત્કાર કરી હત્યા કરી નંખાય છે. એનાથી સ્કૂલે જતી વિધાર્થીનીઓના જાન-માલનું જોખમ રહેતું હોય છે. આથી ગુજરાતની છ કરોડની જનતાની માંગ છે કે નજીકમાં આવનારી મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, પંચાયતો ની ચૂંટણીઓ માટે આચારસંહિતા લાગે એ પહેલા ક્રાઈમ ડિપાર્ટમેન્ટ જેવા કે SOG, LCB, સ્પેશ્યલ બ્રાન્ચ, ક્રાઈમ બ્રાન્ચ, ઈકો સેલ તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનના નાના-મોટા અધિકારીઓની તાત્કાલિક ધોરણે જિલ્લા ફેર બદલી કરવી જેથી કોઈ અનિચ્છનિય ઘટનાને અંજામ અપાય નહીં એવી ગુજરાતની છ કરોડ જનતાની જાહેર અપીલ છે.

# ગુજરાતના મધ્યાહન ભોજન પર ગેસની અસર નહી પડે : કલેકટરોને આપી તાત્કાલીક સુચના

પ્રતિનિધિ,ગાંધીનગર



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ સમાન પરીસ્થિતિની અસર હવે ગુજરાત સુધી પહોચી છે. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ઉભી થયેલી અસ્થિરતાના કારણે એલપીજી ગેસના પુરવઠા પર દબાણ સર્જાયુ છે. જેના કારણે કેટલીક સરકારી શાળાઓમાં મધ્યહન ભોજન બનાવવામાં મુશ્કેલીઓ ઉભી થવાની સ્થિતિ બહાર આવી હતી. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સરકાર તાત્કાલીક એકસન મોડમાં આવી ગઈ છે. પીએમ પોષણ યોજનાના સંયુકત કમિશ્નર દ્વારા રાજયના તમામ જિલ્લા કલેકટરોને પત્ર લખીને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે શાળાઓ અને સેન્ટ્રલાઈઝડ કીચન માટે એલપીજી ગેસનો પુરવઠો પ્રાથમિકતાના ધોરણે અને કોઈપણ વિક્ષેપ વિના સુનિશ્ચિત કરવામાં આવે, ઉલ્લેખનીય છે કે શાળામાં ભણતા બાળકોને નિયમિત ભોજન પહોચાડવુ પડે એ કાયદા પ્રમાણે ફરજ છે. યુદ્ધની અસરને કારણે બાળકો ભુખ્યા ન રહે તે માટે તાત્કાલીક પરીપત્ર મોકલવામાં આવ્યો છે , ગઈ કાલે ૧૩ માર્ચ ૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલા પરીપત્રમાં જણાવાયુ છે કે પીએમ પોષણ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત અમલમાં છે. આ કાયદા મુજબ બાલવાટીકાથી લઈને ધો.૮ સુધીના વિદ્યાર્થીઓને નિયમિત અને પૌષ્ટીક ભોજન પહોચાડવુ રાજય સરકારની કાનુની જવાબદારી છે, તેથી કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ ન થાય તેની ખાત્રી કરવા તાકીદ કરવામાં આવી છે .

નોંધનીય છે કે રાજયની મોટાભાગની સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન એલપીજી ગેસ પર તૈયાર કરવામાં આવે છે. જયારે કેટલીક એનજીઓ સંચાલીત શાળાઓમાં સેન્ટ્રલાઈઝડ કીચન મારફતે ભોજન બનાવીને અનેક શાળાઓમાં પહોચાડવામાં આવે છે. હાલ વૈશ્વિક પરીસ્થિતિને કારણે ગેસ પુરવઠામાં વિક્ષેપ થવાની શકયતા ઉભી થતા ગેસ એજન્સીઓએ પીએમ પોષણ યોજનાના તમામ કેન્દ્રોને અગ્રતા આપવા સુચના આપવામાં આવી છે.

જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ રહે તેની દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. ખાસ કરીને સેન્ટ્રલાઈઝડ કીચન માટે જરૂરી ઈંધણના જથ્થામાં કોઈ અડચણ ન આવે તેની ખાત્રી કરવા તાકીદ કરવામાં આવી છે. સાથે જ શિક્ષણ વિભાગ તથા અન્ન અને નાગરીક પુરવઠા વિભાગના અધિકારીઓને પણ આ અંગે માહિતી આપી જરૂરી સમન્વય કરવા સુચના આપવામાં આવી છે.

### ભાજપના પૂર્વ કોર્પોરેટરનો સર્કિટ હાઉસમાં બેસી સેટલમેન્ટ કરવાનો વિડીયો વાયરલ થયા બાદ કોંગ્રેસ આક્રોશમાં

# રાજકોટ સર્કિટ હાઉસમાં કોંગ્રેસનુ ઉગ્ર પ્રદર્શનઃ ગંગાજળ થી કરાયુ શુધ્ધિકરણઃ ભાજપવાળા પૈસા માંગે તો આપ નો સંપર્ક કરો : દિનેશ જોશી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રાજકોટમાં ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધ મહાનગરપાલિકામાં અરજી કરી ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણા તોડ કરતા કેમેરામાં કેદ થયા બાદ કોર્પોરેશનની ચુંટણી ટાંણે જ કોંગ્રેસને બગાસા ખાતા ખાતા પતાસુ મળી ગયુ છે અને આજે શનિવારે ભ્રષ્ટાચાર તથા સેટેલમેન્ટનો અડ્ડો બની ગયેલા સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી સર્કિટ હાઉસમાં ગંગાજળના છંટકાવવા સાથે શુધ્ધિકરણ કર્યુ હતું.

રાજકોટના હૃદય સમાન અને સરકારી ગરીમા ધરાવતુ સર્કિટ હાઉસ હાલ વિવાદોના ઘેરામાં આવ્યુ છે. તાજેતરમાં સોશીયલ મીડીયામાં ભાજપના એક નગરસેવક દ્વારા સર્કિટ હાઉસના રૂમમાં બેસીને લાંચ માંગતો વિડીયો વાયરલ થતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાના વિરોધમાં આજે શનિવારે રાજકોટ સર્કિટ હાઉસ ખાતે ઉગ્ર સુત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની યાદીમાં જણાવ્યુ હતુ કે આ ઘટનાએ સરકારી મિલ્કતોના પ્રોટોકોલ અને સુરક્ષા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. સર્કિટ હાઉસ માત્ર સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓના સત્તાવાર રોકાણ માટે છે. તો પછી કયા નિયમ હેઠળ નગરસેવકો કે રાજકીય કાર્યકરો આ રૂમોનો ઉપયોગ પોતાના અંગત (વહિવટ) માટે કરી રહ્યા છે ? વાયરલ વિડીયો જોતા સ્પષ્ટ થાય છે કે સરકારી સંકુલ હવે જનતાના કામના બદલે સત્તાધારી પક્ષના આર્થિક સોદાબાજી અને ભ્રષ્ટાચારનુ કેન્દ્ર બની ગયુ છે. પ્રોટોકોલ મુજબ ચાલતા આ સ્થળે આવી અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોવા છતાં વહિવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ કેમ મૌન સેવી રહી છે ?

કોંગ્રેસે તોડકાંડ ની આ ઘટનામાં સર્કિટ હાઉસના મેનેજમેન્ટ અને જવાબદાર અધિકારીઓ સામે બેદરકારી બદલ તુરંત તપાસ સમિતિ નીમી કડક પગલા ભરવામાં આવે. છેલ્લા ૬ મહિનાના સીસીટીવી ફુટેજ તપાસીને કયા કયા રાજકીય તત્વોએ ગેરકાયદેસર રીતે રૂમોનો ઉપયોગ કર્યો છે. તે જાહેર કરવા તથા સરકારી સંકુલનો ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરનાર તમામ તત્વો વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવા માંગણી કરી છે. જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નકકર તપાસ કે કાર્યવાહી કરવામાં નહી આવે તો જનતાને સાથે રાખીને આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવુ જણાવાયુ છે.

આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશી એ મીડીયાના માધ્યમ થી કહ્યુ છે કે ભાજપના કોર્પોરેટર દ્વારા જે તોડકાંડ થઈ રહ્યો છે જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, બાંધકામ ન તોડી પાડવા માટે તમારા બાંધકામનુ પગીપણુ કરવા માટે પહેલા ૩ લાખ રૂપીયા અને પછી છેલ્લે ૧ લાખ ૨૫ હજાર રૂપીયા ચા-પાણીના માંગ્યા છે. આવા લોકો જે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેનો વિડીયો આપ જોઈ શકો છો. આ તોડ કરનાર વ્યકિત કહે છે કે આ તો એઆઈ થી બનાવેલો છે. જયારે બીજી તરફ જે દિલીપભાઈ પટેલ નામના વ્યકિત પાસે પૈસા માંગે છે એનુ પણ વિડીયોમાં નિવેદન આવ્યુ છે. તો આ વિડીયો કયાંથી બહાર આવ્યો, રાજકોટવાસીઓને મારી અપીલ છે કે તમારી પાસે ભાજપના કોઈપણ કોર્પોરેટર આવે અથવા તો પદાધિકારીઓ આવે અને પૈસા માંગે તો તમે આમ આદમી પાર્ટીનો સંપર્ક કરો. કરપ્શન કરવા માટે, તોડ કરવા માટે સર્કિટ હાઉસના દરવાજા પણ ખુલી જાય એટલુ જ નહી અનીલ મકવાણા એમ પણ કહે છે દરવાજો ખોલ, લાઈટ પંખા કરૂ, ચા મંગાવુ, સર્કિટ હાઉસ આપણું જ છે તો શું આ ભાઈ માટે સર્કિટ હાઉસના દરવાજા કાયમી ખુલ્લા જ હોય છે ? તેવો સવાલ ઉઠી રહ્યો છે.

# ઈંધણ બચાવવાના નિયમો માત્ર જનતા માટે : મંત્રીઓના કાફલાને લાગુ નહી પડે ? સરકારી ગાઈડ લાઈન સામે પ્રજામાં રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયમાં પેટ્રોલ ડીઝલ અને એલપીજી ની અછત વચ્ચે ઉભી થયેલી અફરા તફરીને શાંત પાડવા માટે રાજય સરકારે કેટલીક નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. જો કે સરકાર ના આ સુચનો એ સોશીયલ મીડીયા અને પ્રજામાં એક નવી ચર્ચા જગાવી છે. સરકાર એક તરફ પુરતો જથ્થો હોવાનો દાવો કરે છે. તો બીજી તરફ ગ્રાહકોને કેવી રીતે રાંધવો અને એસી કેટલા પર ચલાવવુ તેની સલાહ આપી રહી છે.

સરકારે જાહેર કર્યુ છે કે રાજયમાં ઈંધણનો પુરતો જથ્થો છે. છતાં સર્વર પરનો લોડ ઘટાડવા અને વ્યવસ્થા જાળવવા માટે કેટલાક નિયમોનુ પાલન કરવા જણાવાયુ છે. જેમાં ગેસ બુકીંગમાં અંતર રાખવુ, શહેરી વિસ્તારોમાં બે સીલીન્ડર વચ્ચે ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસનુ અંતર રાખવુ પડશે, જયારે રાંધવાની પધ્ધતિમાં કઠોળ પલાળીને રાંધવા, કુકરનો ઉપયોગ કરવો અને સોલર કુકર જેવા વૈકલ્પિક સ્ત્રોતો અપનાવવા, તેમજ એસી પર નિયંત્રણ મામલે જણાવાયુ છે કે ઘરમાં ઉર્જા બચાવવા માટે એસી નું તાપમાન ૨૫ સેન્ટીગ્રેડ કે તેથી વધુ રાખવુ,

સરકારની આ શિખામણ સામે સામાન્ય નાગરીકોમાં ઉગ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. લોકો સવાલો ઉઠાવી રહ્યા છે કે શું આ નિયમો માત્ર પ્રજા માટે જ છે. નેતાઓનો કાફલો કયારે ઓછો થશે ? સામાન્ય માણસને એક એક લીટર ઈંધણ બચાવવાની સલાહ આપતી સરકારના મંત્રીઓ અને નેતાઓ શું પોતાના ૮-૧૦ ગાડીઓના કાફલામાં ઘટાડો કરશે ? શું તેઓ પબ્લીક ટ્રાન્સપોર્ટ નો ઉપયોગ કરીને પ્રજા માટે ઉદાહરણ પુરૂ પાડશે, એક તરફ સરકાર કહે છે કે જથ્થો પુરતો છે. તો બીજી તરફ બુકીંગ પર મર્યાદા કેમ ? જો વ્યવસ્થા યોગ્ય હોય તો પ્રજાને શું રાંધવુ અને કેવી રીતે રાંધવુ તેની શિખામણ આપવાની જરૂર કેમ પડી ? ગૃહિણીઓ સવાલ કરી રહી છે કે મોંઘવારીના માર વચ્ચે હવે રસોડામાં પણ સરકારના આદેશ મુજબ ચાલવાનુ ? જયારે સરકારી કચેરીઓમાં ચાલતા હાઈ વોલ્ટેજ એસી અને લકઝરી સુવિધાઓમાં કયારે કાપ આવશે ?

સરકારની આ એડવાઈઝરી ભલે વ્યવસ્થા જાળવવા માટે હોય પણ નૈતિક રીતે તે ત્યારે જ સ્વીકાર્ય બને જયારે સત્તાધીશો પોતે આનો અમલ કરીને પ્રજાને રાહ ચીંધશે, ઈંધણની તંગી સામે લડવા માટે પ્રજાનો સહકાર જરૂરી છે. પણ તે સહકાર જોર જબરદસ્તી થી કે શિખામણ આપીને નહી, પરંતુ સમાન જવાબદારીથી મેળવવો જોઈએ.

# આ છે ગુજરાતનુ વિકાસ મોડલ : છેલ્લા પાંચ વરસમાં મફત રાશન લેનારાઓ ની સંખ્યામાં ૪૧ લાખનો વધારોઃ ભાજપ સરકાર ગરીબી દુર કરવાની વાતો કરી રહી છે પરંતુ વાસ્તવિકતામાં ગરીબોનો વધારો થઈ રહ્યો છે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત વિધાનસભામાં આજે અન્ન નાગરીક પુરવઠા વિભાગની બજેટ માંગણી સામે કોંગ્રેસના ધારાસભ્યએ કાપ દરખાસ્ત મુકતા સરકાર સામે આકરા પ્રહારો કરી જણાવ્યુ હતુ કે રાજયમાં મફત અનાજ વિતરણમાં પાંચ વરસમાં લાભ લેનારા ૪૧ લાખ લોકો વધ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારના વિકાસ મોડલને વિકાસશીલ ગરીબનુ મોડલ ગણાવીને કહ્યુ હતુ કે ૨૦૨૧-૨૨ માં ૩.૪૧ કરોડ લોકોએ રાજયમાં મફત અનાજ વિતરણનો લાભ લીધો હતો અને આજે ૨૦૨૫-૨૬ માં ૩.૮૨ કરોડ લોકો લાભ લેવા નોંધાયા છે. જેમાં ૭૫.૨૯ લાખ કુટુંબો છે. આમ પાંચ વરસમાં ૪૧ લાખ લોકો વધ્યા છે. ૨૦૨૦ કરતા ૨૦૨૫ માં ૫,૨૩,૮૧૬ ટન વધુ મફત અનાજ વિતરણ થયુ છે. રાજયની ૧૦૦ ટકા વસ્તીમાં ૫૫ ટકા વસ્તી મફત અનાજ મેળવે છે. ૪૫ ટકા લાભ નથી લેતા, જયારે સરકારે બચાવમાં કહ્યુ કે કોંગ્રેસના આંકડા ખોટા છે. દેશમાં કુલ ૮૦ કરોડ લાભાર્થી છે. ત્યારે રાજયમાં ૨૦૨૪ માં ૩.૩૪ કરોડ લાભાર્થી નોંધાયા છે. ૩.૮૩ કરોડ સુધી લાભાર્થી પહોચી શકે છે. રાજયમાં તુવેરદાળ , ચણા અને ખાંડ ના વિતરણમાં પારદર્શિતા લાવવા તથા ગ્રાહકોની ફરીયાદો ઘટાડવા માટે સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ હવે આ વસ્તુઓનુ વિતરણ છુટકને બદલે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકીંગમાં કરવામાં આવશે. આ અંગે વિધાનસભામાં અન્ન નાગરીક પુરવઠા મંત્રીએ જણાવ્યુ હતુ કે જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલા ૧૭ હજાર થી વધુ વ્યાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. હવે દુકાનદારોને પ્રતિ કિવન્ટલ ૧૫૦ રૂપીયાના બદલે ૧૮૫ રૂપીયા કમિશન ચુકવાશે. જેના માટે સરકાર દ્વારા ૬૭.૨૦ કરોડ રૂપીયાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. રાજયના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં પ્રિ-લીટીગેશન અને સમાધાન કેન્દ્રો સ્થાપવામાં આવશે જેથી ફરીયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે. આ ઉપરાંત વિશ્વમાં પ્રથમવાર કંપનીઓને ગ્રાહકો પ્રત્યેના વર્તન અને ફરીયાદ નિવારણ ના આધારે રેટીંગ આપવા માટે કન્ઝયુમર રીસ્પોન્સિબિલિટી ઈન્ડેક્ષ તૈયાર કરનારૂ ગુજરાત વિશ્વનુ પ્રથમ રાજય બનશે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/341, તા. 10.03.2026 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: અંધેરી - બાંદ્રા સેક્શનના સંદર્ભમાં વિલેપાર્લે, સાંતાક્રુઝ, ખાર, બાંદ્રા ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ - ધીમા કોરિડોર પર 15 CAR EMU સમાવવા માટે પ્લેટફોર્મનું વિસ્તરણ (સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: ₹ 13,89,45,797.48. EMD: ₹ 8,44,700/-. સબમિશનની તારીખ અને સમય: તા. 07.04.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 07.04.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1221

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

W/623/5/1/NIT તારીખ: 12.03.2026

**ઇ-ટેન્ડરિંગ સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (W A) રતલમ ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના તરફથી વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર દ્વારા *ખુલ્લા ટેન્ડર* આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે:- ક્રમાંક: 1. ઇ-ટેન્ડર નંબર: RTM-2025-26-194. કામનું નામ: સિહોર - સિંહસ્થ 2028 ના જોડાણમાં 05 સુટ ધરાવતું ઓફિસર રેસ્ટ હાઉસ પૂરું પાડવું જેમાં ઇલેક્ટ્રિકલ કામનો સમાવેશ થાય છે. અંદાજિત કિંમત: રૂ 1,11,98,294.94 EMD: રૂ. 2,06,00/- પૂર્ણતા સમયગાળો: 10 મહિના. ક્રમાંક: 2. ઇ-ટેન્ડર નંબર: RTM-2025-26-200. કાર્યનું નામ: મકસી - ભોપાલ વિભાગ - પંચાવન ખાતે પ્લેટફોર્મ નં.1 પર પ્લેટફોર્મ ઉભું કરવું, પરબતી પ્લેટફોર્મ નં.1 પર અને પંચાવન અને પરબતી સ્ટેશન પર 02 રેમ્પ લેન્ડિંગ સાથે 04 મીટર પહોળો ફૂટ ઓવર બ્રિજ. અંદાજિત કિંમત: રૂ. 8,61,60,389.72. E M D : રૂ. 5,80,900/-. પૂર્ણતા સમયગાળો: 15 મહિના. બંને ટેન્ડર માટે વેબસાઇટ પર અપલોડ કરવાની તા. 12.03.2026. બંને ટેન્ડર ખોલવાની તા. 09.04.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે. DE/5/1/510

અમને લાઇક કરો: facebook.com/WesternRly

વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને સરકાર ઘર કે પ્લોટ આપી સ્થાયી સરનામું આપેઃ ગોપાલ ઈટાલીયા

# AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો, માલધારીઓ અને વિદ્યાર્થીઓ માટે વિધાનસભામાં રજૂઆત કરી

### મત જોઈતા હોય છે ત્યારે લોકો દેવીપુજક સમાજના આંગણે જતા હોય છે પરંતુ વિધાનસભામાં એમની વાત કોઈ કરતું નથીઃ ગોપાલ ઈટાલીયા

અમદાવાદ/જુનાગઢ/રાજકોટ

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આજે વિધાનસભા ખાતે પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે મારે ખુશી સાથે જણાવવું છે કે વિધાનસભાના ગૃહમાં સમાજના એવા વર્ગ માટે અવાજ આવ્યો જેમનો અવાજ આજ સુધી વિધાનસભા પહોંચ્યો નથી.

ભારત દેશ અને ગુજરાતમાં જ્યાં જેઓ એક ફુટ જમીનના પણ માલિક નથી, એવા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો એટલે કે દેવીપુજક સમાજ, વણઝારા સમાજ, મદારી, રાવળ વગેરે સમાજના લોકો. સરકાર પોતે માને છે કે આ વિચારતી અને વિમુક્ત જાતિ છે, જેઓ ભટકતું જીવન જીવે છે. જે લોકો પાસે પોતાની જમીન નથી હોતી તે ગામના છેવાડે સરકારી જમીન પર ઝુંપડા બાંધીને રહેતા હોય છે અને ચૂંટણી સમયે ભાજપના લોકો તેમના પર દબાણ કરતા હોય છે કે "જો ભાજપને મત નહીં આપો તો તમારું ઘર તોડી નાખીશું." તો આ તમામ જાતિના લોકોને સરકાર સ્થાયી સરનામું આપે, ઘર આપે કે પ્લોટ આપે કે સરકારને જે યોગ્ય લાગે એ કરે પરંતુ તેમને સ્થાયી રહેવાની વ્યવસ્થા કરીને આપે એ મુદ્દે મેં વિધાનસભામાં રજુઆત કરી. મત જોઈતા હોય છે ત્યારે લોકો દેવીપુજક સમાજના આંગણે જતા હોય છે પરંતુ વિધાનસભામાં એમની વાત કોઈ કરતુ નથી, પરંતુ હું વિસાવદર લોકોનો આભાર માનીશ કે એમને મને એ લાયક બનાવ્યો કે આજે મેં આ તમામ જાતિના લોકો માટે વિધાનસભામાં અવાજ ઉઠાવ્યો.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ વિભાગની માંગણી મંત્રી લઈને આવ્યા હતા, તો મેં વિસાવદર તાલુકામાં ધોરણ ૧૦ પછી વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળા શરૂ કરવામાં આવે તેવી માંગણી શિક્ષણ મંત્રી સમક્ષ રજૂ કરી હતી. ગુજરાતમાં ખેતી પછી સૌથી મોટો વ્યવસાય પશુપાલનનો છે અને માલધારી સમાજ વર્ષોથી પશુપાલન સાથે જોડાયેલ છે, તો આજે મેં ગુજરાત સરકારના મંત્રીને સવાલ પૂછ્યો કે માલધારી સમાજને ગામતળના વાડા આપવા માટે સરકારની યોજના છે? એક બાજુ ગાયોના નામે ભાજપના લોકો મત માગે છે અને ગાયોનું પાલન કરતા લોકો પર દમન કરવામાં આવે છે. શહેરોમાં જે માલધારી સમાજના લોકો વસે છે, એમને પશુઓ બાંધવા માટે જગ્યા આપવામાં આવતી નથી તો શહેરમાં રહીને પશુપાલન કરવું કેમ? ભાજપના લોકો પહેલા એવું લાવ્યા કે પશુને રાખવા માટે લાયસન્સ લેવું પડશે પરંતુ હવે નવો નિયમ લાવ્યા કે શહેરોમાં પશુ રાખી શકાશે જ નહીં અને હવે તો શહેરોને "નો કેટલ ઝોન" જાહેર કરવામાં આવેલ છે. મારા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું કે રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં કોઈપણ માલધારીને વાડો આપવામાં આવ્યો નથી. ઉદ્યોગપતિઓને આપવા માટે સરકાર પાસે હજારો એકર જમીન હોય છે. એક રૂપિયા મીટરના ભાવે હજારો એકર જમીન ભાજપના મળતીયાઓને આપવામાં આવે છે. અમારા વિસાવદરમાં ગઢવી માલધારી રહે છે, વર્ષો પહેલાંથી સાસણમાં રહીને પશુપાલન કરીને પોતાનો પરિવાર ચલાવતા હતા પછી વન વિભાગ દ્વારા તેમને પરેશાન કરીને જંગલની બહાર કાઢવામાં આવ્યા હાલ તે લોકો પશુપાલન કરે છે પરંતુ એમની પાસે જેટલી પણ ગાયો હોય તેને બાંધવા માટે તેમની પાસે જગ્યા જ નથી. મજબૂરીવશ સરકારી જગ્યા પર ગાયો ભેંસોનું પાલન પોષણ કરે છે. પરંતુ દર ચૂંટણી ટાણે તેમણે હેરાન કરવામાં આવે છે કે "જો ભાજપને વોટ નહીં આપો તો આ જગ્યા ખાલી કરાવી દઈશું" તમે આજે વિસાવદરની સાથે સાથે સમગ્ર ગુજરાતના માલધારી સમાજના લોકોને વાડા ફાળવવામાં આવે એ બાબતની સરકારમાં રજૂઆત કરી હતી.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, બીજી એક મહત્વપૂર્ણ બાબત કે કેશુબાપાનું સપનું હતું કે આખું કાઠીયાવાડ સિંચાઈના પાણીથી સમૃદ્ધ બને અને તેઓ પહેલી વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે કલ્પસર યોજના શરૂ કરી. દુર્ભાગ્ય એ છે કે એક સારી યોજના બહાર પાડનાર કેશુબાપાની સરકાર કાવતરા કરીને ભાજપવાળાઓએ છીનવી લીધી અને જ્યારથી કેશુબાપાની સરકાર ગઈ ત્યારથી આ કલ્પસર યોજના લોચે પડી ગઈ છે. આજે મારો સવાલ હતો કે કલ્પસર યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી. તો સરકારે મને જવાબ આપ્યો કે ૪ કરોડની ગ્રાન્ટ પાડવામાં આવી છે. તો હકીકત એ છે કે જે કલ્પસર યોજના બની જ નથી, જ્યાં એક પણ ઈંટ લાગી નથી, ત્યા ૪ કરોડનો ખર્ચો છેલ્લા બે વર્ષમાં કરી નાખવામાં આવ્યો. હજુ તો કલ્પસર યોજનાનો ડીપીઆર ચાલે છે મતલબ કે યોજના ક્યાં કઈ રીતે બનાવવી તેનો સર્વે ચાલે છે. ૨૫ વર્ષથી સર્વે થઈ રહ્યા છે અને બીજી બાજુ કરોડોનો ખર્ચો થઈ રહ્યો છે તો મને લાગી રહ્યું છે કે "બોલવામાં સુરા અને કામ કરવામાં શૂન્ય". વિધાનસભાના માધ્યમથી રોજ ભાજપ સરકારની નિષ્ફળતાના આંકડાઓ આપણા સુધી પહોંચી રહ્યા છે. ભાજપના લોકોને વિનંતી છે કે હવે થોડો સમય તમારી પાસે બચ્યો છે તો થાય એટલું કામ કરી લો કારણ કે હવે જનતા જાગૃત થઈ ચૂકી છે અને આખા ગુજરાતમાં "વિસાવદરવાળી" થવાની તૈયારી છે.

દેશમાં ઉભા થયેલા ગેસ સંકટ સામે AAPનું વિરોધ પ્રદર્શન

# ગેસ સિલિન્ડરની કાળાબજારી રોકવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરે: AAP

### સામાન્ય લોકોને ગેસ સંકટમાં રાહત મળે તે માટે સરકાર જવાબદારી નિભાવેઃ AAP

અમદાવાદ/ગુજરાત

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે સમગ્ર ભારતમાં એલપીજી ગેસનું સંકટ ગંભીર બનતું જઈ રહ્યું છે. મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત દેશના અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો પર પણ તેની અસર જોવા મળી રહી છે. તેના કારણે કરોડો લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે અને રોજગાર પર પણ અસર જોવા મળી છે. આ પરિસ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે સરકાર આગોતરા આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે. જેના કારણે આજે દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરની કાળાબજારી વધી રહી છે. આ સમગ્ર મુદ્દાને લઈને આજે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના તથા સ્થાનિક પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સમર્થકો હાજર રહ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે ગેસ સંકટ મુદ્દે કડક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને સામાન્ય લોકોને તાત્કાલિક રાહત મળે તે માટે સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને કોઈ તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટિયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ માટે ગેસ વિતરણની સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે. જો ક્યાંય પણ ગેસ પુરવઠાની કાળાબજારી થતી હોય તો તેને તાત્કાલિક રોકવામાં આવે અને ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરના ભાવ ડબલથી પણ વધુ વધી ગયા છે. આ વધેલા ભાવોને નિયંત્રિત કરવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

# ગુજરાતમાં ઝડપથી થઈ રહેલું શહેરીકરણ : ૨૦૨૭ સુધીમાં રાજયની ૫૦.૬૯ ટકા જેટલી વસ્તી શહેરોમાં રહેતી હશે

### ૩.૭૯ કરોડ લોકો શહેરોમાં અને ૩.૬૯ કરોડ લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહેવાનો અંદાજ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત રાજયમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યુ છે. જયાં શહેરોમાં રહેતી વસ્તી ગામડાઓ કરતા વધી શકે છે. રાજય સરકારના નવા અંદાજો મુજબ આવતા વરસે ગુજરાતની અડધી થી વધુ વસ્તી શહેરોમાં રહેતી હશે. આ બદલાવ રાજયની વસ્તી રચનામાં મોટો ફેરફાર દર્શાવે છે અને બતાવે છે કે ગુજરાત ધીમે ધીમે તેની પરંપરાગત ગ્રામ્ય ઓળખથી આગળ વધી રહ્યુ છે.

રાજય સરકારના સોશીયો ઈકોનોમીક રીવ્યુ ૨૦૨૫-૨૬ મુજબ ૨૦૨૭ સુધી ગુજરાતની કુલ વસ્તી ૭.૪૮ કરોડ સુધી પહોચવાની શકયતા છે. તેમાંથી અંદાજે ૩.૭૯ કરોડ લોકો શહેરી વિસ્તારોમાં અને ૩.૬૯ કરોડ લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા હશે. જો આ અંદાજ સાચા સાબિત થાય તો રાજયમાં શહેરી વસ્તીનો હિસ્સો ૫૦.૬૯ ટકા થઈ જશે. તેનો અર્થ એ થાય છે કે ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર શહેરોમાં રહેતા લોકોની સંખ્યા ગામડાઓમાં રહેતા લોકો કરતા વધારે બનશે. શહેરી આયોજન સાથે જોડાયેલા નિષ્ણાંતો કહે છે કે આ બદલાવના સંકેતો છેલ્લા ઘણા વરસોથી જોવા મળી રહ્યા હતા. છેલ્લા લગભગ ૧૫ વરસમાં ગુજરાતમાં નવી ૯ મ્યુનીસીપલ કોર્પોરેશન બનાવવામાં આવી છે. ઘણા શહેરોની હદ વધી રહી છે અને મોટા શહેરોની આસપાસ સેટેલાઈટ ટાઉનશીપ બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. આ વહિવટી ફેરફારો દર્શાવે છે કે રાજયમાં શહેરી વિસ્તારો ઝડપથી વધતા જઈ રહ્યા છે. આ વૃધ્ધિ એક દિવસમાં શરૂ થઈ નથી પરંતુ ઘણા દાયકાઓથી આગળ વધી રહી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની ૪૨.૦૬ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં રહેતી હતી. તે સમયે ભારતનો રાષ્ટ્રીય સરેરાશ માત્ર ૩૧.૧૪ ટકા હતો. એટલે કે તે સમય થી જ ગુજરાત દેશમાં અન્ય રાજયો કરતા વધુ શહેરીકરણ તરફ આગળ વધી રહ્યુ હતું. ૨૦૧૧ થી ૨૦૨૭ વચ્ચે અંદાજે ૮ ટકા જેટલો વધારો થવાનો છે. જે રાષ્ટ્રીય સ્તરે થતા વધારાની સરખામણીમાં વધુ ઝડપી છે. શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ થેન્નારસન ના જણાવ્યા મુજબ ગુજરાતના ભવિષ્યના આર્થિક વિકાસ માટે શહેરીકરણ ખુબ મહત્વપૂર્ણ છે. તેમણે વર્લ્ડ બેંકના એક અભ્યાસનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે ૨૦૫૦ સુધીમાં રાજયની ૬૭ ટકા થી ૭૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી થઈ શકે છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે શહેરો આર્થિક વિકાસના મુખ્ય એન્જીન છે. સેવાઓ, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને આયોજનબધ્ધ વિકાસ શહેરોને વધુ મજબુત બનાવે છે. રાજય સરકારે આ વર્ષને શહેરીવર્ષ તરીકે જાહેર કર્યુ છે અને શહેરી વિકાસ માટેનુ બજેટ વધારીને ૩૩૫૦૦ કરોડ રૂપીયા કર્યુ છે. આ ખર્ચ શહેરોમાં વધુ સારી સુવિધાઓ ઉભી કરવ, સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે. ૨૦૧૧ માં રાજયમાં માત્ર ૮ મ્યુનિસીપલ કોર્પોરેશન હતી જયારે હવે આ સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. તેમાં નવસારી, વાપી, આણંદ, મોરબી અને ગાંધીધામ સહિતના નવા શહેરોનો સમાવેશ થાય છે.

મ્યુનિસીપલ કોર્પોરેશન હેઠળ આવતો વિસ્તાર પણ વધ્યો છે. ૨૦૧૧ માં આ વિસ્તાર ૪૬૬ ચો.કી. હતો જયારે હવે તે વધીને ૪૮૧ ચો.કી થયો છે. અમદાવાદ શહેરની હદ પણ સાણંદ સુધી વધારવાની યોજના વિચારણામાં છે. સાણંદ અમદાવાદની બહાર આવેલુ એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્ર માનવામાં આવે છે. સેપ્ટ યુનિર્વસિટીના અર્બન પ્લાનર રૂતુલ જોશીએ જણાવ્યુ હતુ કે આ બદલાવ લાંબા સમયથી અપેક્ષિત હતો. તેમણે કહ્યુ કે ગુજરાત રાજય બન્યુ ત્યારથી જ ઔદ્યોગિક રાજય તરીકે વિકસતુ રહ્યુ છે અને ઔદ્યોગિક વિકાસ સાથે સામાન્ય રીતે શહેરીકરણ પણ વધે છે. તેમણે ઉમેર્યુ કે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ૧૯૮૦ ના દાયકામાં જ શહેરી વસ્તી વધારે હતી. તે સમયે જ આયોજનકારો માનતા હતા કે ૨૦૨૫ સુધીમાં રાજયમાં શહેરી વસ્તી ગ્રામ્ય વસ્તી કરતા વધુ થઈ જશે. રાજય સરકારના લાંબા ગાળાના અંદાજ મુજબ ૨૦૩૬ સુધીમાં ગુજરાતની લગભગ ૫૫ ટકા વસ્તી શહેરોમાં રહેતી થઈ જશે. તેની સરખામણીમાં ભારત હજુ પણ મોટા ભાગે ગ્રામ્ય દેશ તરીકે રહેશે. તે સમયે દેશમાં માત્ર ૩૯.૦૬ ટકા વસ્તી શહેરોમા અને ૬૦.૯૪ ટકા વસ્તી ગામડાઓમાં રહેવાની શકયતા છે.

ગુજરાતમાં શહેરી વસ્તી દર દર વરસે લગભગ ૦.૫ ટકા દરે વધી રહી છે, આ વૃધ્ધિ રાષ્ટ્રીય દર ૦.૦૩ ટકા કરતા વધુ છે. આગામી ૧૦ વર્ષમાં રાજયમાં શહેરી વસ્તીનો હિસ્સો લગભગ ૪.૩ ટકા વધવાની શકયતા છે. જયારે સમગ્ર ભારતમાં આ વધારો લગભગ ૨.૭ ટકા રહેવાનો અંદાજ છે. નિષ્ણાંતો કહે છે કે ગુજરાતમાં શહેરી વસ્તી ઝડપથી વધવાનુ મુખ્ય કારણ શહેરોમાં વધતુ સ્થળાંતર, ઝડપી ઔદ્યોગિક વિકાસ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રકચર છે.

# સુરત શહેરના ઉમરવાડા ની સીટી સર્વે નં. ૨૧૭૭ ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા)ની ઝારાવાડ મુલતાની પંચની જગ્યા અંગે સામાજિક, આર્થિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા સુરત ના કલેક્ટર વિરુધ્ધ પગલાં લેવા મુખ્યમંત્રીને છગનલાલ મેવાડાએ કરી ફરિયાદ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમાં આવેલ ઉમરવાડા સીટી સર્વે નં. ૨૧૭૭ ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફાયનલ પ્લોટ નં. ૮૩ જેનું ક્ષેત્રફળ ૧૧૨૦૯ ચો.મી જગ્યાના મૂળ માલિક કબજેદારો ઝારાવાડ મુલતાની પંચ કબ્રસ્તાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તા.૩/૧૨/૨૦૧૪ ના રોજ સમજૂતી કરાર થી છગનલાલ ડી. મેવાડાને માલિકી હક્ક આપેલ અને ત્યારથી છગનલાલ મેવાડા એ જગ્યાના માલિક વહીવટદાર તરીકે વહીવટ કરી રહેલ છે. આ જગ્યા પચાવી પાડવા નરેશ અગ્રવાલ નામના ઈસમે ધમપછાડા કરી યેનકેન પ્રકારે જગ્યા પચાવી પાડવા છગનલાલ મેવાડા વિરુધ્ધ હાલના સુરત શહેરના કલેક્ટર સૌરભ પારધી અને ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ ની જોગવાઈઓ મુજબ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ ખોટી રીતે એટલે કે છગનલાલ મેવાડાનું પૂરતો પક્ષ સાંભળ્યા વગર હેમંત નરેશ અગ્રવાલ ,રહે.શ્યામ આવાસ ભટાર રોડ, સુરત જેઓ નરેશ અગ્રવાલના દીકરા છે તેઓના નામથી એકબીજા ના મેળાપીપણામાં તા.૨૯/૦૭/ ૨૦૨૫ ના રોજ છગનલાલ મેવાડાને કલેક્ટર સુરત ધ્વારા લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ તેઓના પ્રતિનિધિ સાથે હાજર રહેલા છગનલાલ મેવાડા તેઓનો પક્ષ રજૂ કરવા લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ તેમના વકીલ મારફતે હાજર થયેલા. પરંતુ લેન્ડ ગ્રેબીંગ કમિટી પહેલેથી જ ફૂટી ગઈ હોય તેમ છગનલાલ મેવાડા અને તેમના વકીલને સંતોષકારક રીતે પાંચ મિનિટ પણ સાંભળ્યા નહીં અને કમિટીના સભ્યોએ અમને ખબર છે એમ કહી વાત સાંભળવાનો ઈનકાર કરી દીધેલો. આ દિવસે આવેલા તમામ પક્ષકારો કલેક્ટર ઓફિસ બહાર બેઠા હતા. માત્ર હેમંત અગ્રવાલ, નરેશ અગ્રવાલ, નટવર મુરાલીલાલ હરલાલકા પહેલેથી જ કલેક્ટર સુરત ના પી.એ ની એસી ઓફિસમાં બેઠેલા હતા એ શું સૂચવે છે? જ્યારે તમામ પક્ષકારો બહાર બેસી પોતાના વારાની રાહ જોતાં હોય ત્યારે કમિટીને હેમંત અગ્રવાલ પર શાનું હેત ઉભરાઈ આવ્યું? અને છગનલાલ મેવાડા વિરુધ્ધ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ લેન્ડ ગ્રેબીંગ નો ગુન્હો દાખલ કરવા હુકમ કરી દીધો.

છગનલાલ મેવાડાએ ઝારાવાડ મુલતાની પંચની મસ્જિદની જગ્યા ના ટ્રસ્ટીઓ સાથે સમજૂતી કરાર કરી જગ્યાનો કબજો કાયદેસર મેળવેલ હોય તે હકીકતને લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ પુરાવા સહિત રજૂઆત થયેલ હોય તમામ પુરાવા પણ પૂરા પાડેલ હોય તેમજ જગ્યાના મૂળમાલિકો એ જમીન પચાવી પાડવા અંગે કોઈ ફરિયાદ કરેલ નથી ત્યારે ત્રાહિત વ્યક્તિ ને છગનલાલ મેવાડા વિરુધ્ધ કોઈ ફરિયાદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છગનલાલ મેવાડા, નથી તો હેમંત અગ્રવાલને ઓળખતા કે નથી નરેશ અગ્રવાલને ઓળખતા. આમ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ હેમંત નરેશ અગ્રવાલના મેળાપીપણામાં ખોટી રીતે ગુન્હો દાખલ કરેલ છે. જેના કારણે છગનલાલ મેવાડા એ ડિસ્ટ્રીકટ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જવું પડેલ છે. અને સુપ્રીમ કોર્ટમાં તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ સ્પેશિયલ લીવ ટુ અપીલ (ક્રિમિનલ)(એસ) ૧૧૯૦૭/૨૦૨૫ છગનલાલ મેવાડા એ દાખલ કરેલ.કલેકટર ની તા.૧૬/૦૭/ ૨૦૨૫ ની નોટિસ પર મનાઈ હુકમ આપેલ છે.

ઉમરવાડા ની આ જગ્યા અંગે નરેશ અગ્રવાલ (કુબેરજી એન્ટરપ્રાઈઝ) ના ભાગીદાર નટવરલાલ મુરાલીલાલ હરલાલકા એ સુરત ના પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ ની કોર્ટમાં ઉમરવાડા ની ઉપરોકત જમીન કબજો મેળવવા માટે પોલીસ પ્રોટેકશન ની માંગણી કરેલી. જે માંગણી કોર્ટે કબજો ના હોય તો તે જગ્યા નો કબજો સોંપવા પોલીસ પ્રોટેકશન આપી શકાય નહીં. એમ કરી તા.૨૦/ ૦૭/૨૦૧૮ ના રોજ દરખાસ્ત અરજી નં. ૨૦/૨૦૧૫ રદ કરી દીધેલી. આમ ઉપરોક્ત કોર્ટના હુકમથી એ હકીકત પુરવાર થાય છે કે આ જગ્યાનો નરેશ અગ્રવાલ અને નટવરલાલ હરલાલકાનો કબજો ના હતો. ઉમરવાડાની આ જગ્યા જયપ્રકાશ શિવહરે અગાઉ સુરતના કલેક્ટર હતા ત્યારે આ જગ્યા ને ખોટી રીતે NA ની પરવાનગી આપેલ હતી. આ જગ્યા ને NA કરતાં પહેલા જુદા-જુદા વિભાગોના અભિપ્રાયો દ્રઢ એ અરજીના અગાઉ અભિપ્રાયો મેળવેલ છે. તેમજ નિયમ મુજબ દ્રઢ પરવાનગી પહેલા કોર્ટ કેસ પેન્ડિંગ ના હોય એવા સંજોગોમાં NA પરવાનગી આપવી શકય નથી. આ જગ્યામાં કોર્ટ કેસ ચાલુ હતા છતાં NA પરવાનગી આપવામાં આવેલ છે. અને કોર્ટ કેસ પેન્ડિંગ નથી તેવું સોગંદનામું રજૂ કરેલ છે. આ સમયગાળા દરમ્યાન નામદાર મહેસુલ વિભાગમાં રિવિઝન અરજી પેન્ડિંગ હતી, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મેટર પેન્ડિંગ હતી અને ખેતી ની જમીન જે ગણોત પ્રોસીડિંગ્સ ના કારણે તેને જૂની શરત માં ફેળવવાની કાર્યવાહી કરી તે બાદ કેશવભાઈ ઘુસાભાઈ રામોલીયાએ વેચાણ કરી દીધેલ. નામદાર સિવિલ કોર્ટમાં રે.દિ.મુ. નં.૨૮૮/૨૦૧૪ નો દાવો પેન્ડિંગ હતો. નાયબ કલેક્ટર સમક્ષ લીસ પેન્ડીસનો લેખ નોંધાયેલો, નામદાર સુપ્રીમ કોર્ટમાં પિટિશન નં.૪૦૯૬/૨૦૧૫ દાખલ કરેલ, કેશવભાઈ ઘુસાભાઈ રામોલીયા એ તા.૧૫/૦૬/૨૦૧૩ ના રોજ NA પરવાનગી મેળવવા માટે કોઈપણ કોર્ટમાં સિવિલ દાવા, અન્ય પ્રકારના દાવા ચાલતા નથી તેમજ કોઈ સતાધિકારી/સત્તા મંડળ, ટ્રીબ્યુનલ કે ન્યાયાલયમાં કોઈપણ જાત નો વિવાદ નિકાલ માટે પડતર નથી એ સોગંદનામું રજૂ કરેલ અને આ સમયે કોર્ટ કેસ પ્રકરણો પેન્ડિંગ હોવા છતાં અને તે અંગે ની લેખિત ફરિયાદ જે તે સમયના કલેક્ટર ને કરવા છતાં કલેક્ટર જયપ્રકાશ શિવહરે NA ની પરવાનગી આપેલી અને પરવાનગી રદ કરેલી નહીં. બિનખેતી ની પરવાનગી મેળવવા માટે રામોલીયા કેશવભાઈ ઘુસાભાઈ રહે. ૧૫ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી , મગોબ તા.૧૫/૦૩/૨૦૧૪ ના રોજ અરજી કરેલી. NA ની પરવાનગી આપતા પહેલા સરકારશ્રી ના જુદા જુદા ખાતાઓના અભિપ્રાય મેળવવામાં આવે છે. કલેક્ટર કચેરીએથી તા.૧૬/ ૦૯/૨૦૧૧ ના પત્ર નં. એલએક્યુ/ વશી/૨૩૮૬ થી અભિપ્રાય માંગવામાં આવેલા. ગણોત શાખાએ તા.૧૬/૦૧/ ૨૦૧૩ ના રોજ નાયબ કલેક્ટર સિટી પ્રાંત સુરત ના તા.૧૩/૧૨/૨૦૧૧, મામલતદાર સિટી ના તા.૧૪/૧૧/ ૨૦૧૧, જિલ્લા પુરવઠા અધિકારી તા.૨૭/૦૯/૨૦૧૧ નો અભિપ્રાય, મદદનિશ નગર નિયોજક/શહેરી વિકાસ સત્તામંડળ નો તા.૧૭/૦૬/ ૨૦૧૧ જોતાંજ એટલું સ્પષ્ટ થાય છે કે અરજદારે NA પરવાનગી માટે તા.૧૫/૦૩/૨૦૧૪ ના રોજ અરજી કરતાં હોય ત્યારે સરકારમાં ઉપર જણાવેલ વિવિધ વિભાગના અભીપ્રાયો ૦૩ વર્ષ પહેલા કેવી રીતે આવી ગયા? એ હકીકત પુરવાર કરે છે કે કલેક્ટર જયપ્રકાશ શિવહરે એ ખોટી રીતે ભ્રષ્ટાચાર આચરી NA ની પરવાનગી આપી તે રદ થવી જોઈએ. કલેક્ટર જયપ્રકાશ શિવહરે ના આ કસુર અંગે સરકારમાં તેઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ છે. અને સરકારએ માંગ્યા મુજબના પુરાવા પણ રજૂ કરેલ છે.

નરેશ અગ્રવાલે લોકોની જગ્યાઓ ખરીદી તેના નાણાં ચુકવ્યા નથી તેમાં ઘણા NRI લોકો પણ સામેલ છે. તેમજ નરેશ અગ્રવાલે તેઓના ભાગીદારોને છોડયા નથી અને આ બધા નાણાં આપવા ના પડે અને સામાવાળાઓને દબાણમાં લાવવા માટે તેઓએ કુબેરજી વેલેન્ટાઈન પ્રોજેકટ જે ભરત કેન્સર હોસ્પિટલ સારોલી પાસે આવેલ છે. તેની ઓફિસમાં ઉંઘની ગોળીઓ લઈ આપઘાત કરેલ છે. તેવો હાઉ ઊભો કરેલો. તા.૨૯/ ૦૯/૨૦૨૩ ના રોજ ઉંઘની ગોળીઓ લઈ દેવામાં ડૂબેલા કુબેરજી ગૃપના બિલ્ડર નરેશ અગ્રવાલે છગનલાલ મેવાડા વિરુધ્ધ ૫.૪૧ મિનિટનો ઓડિયો વાયરલ કરી છગનલાલ મેવાડા વિરુધ્ધ ખોટી અફવા ફેલાવી છગનલાલ મેવાડા ને બદનામ કરવાના પ્રયાસ કરેલા. છગનલાલ મેવાડા રાજસ્થાનના સારી પ્રતિષ્ઠા ધરાવતા વેપારી અને સામાજિક આગેવાન છે. તેઓની વિરુધ્ધ પાયા વિહોણા આક્ષેપો કરી તેમના ધંધા-રોજગારને ભારે નુકશાન પહોંચ્યું છે. તેમજ તેમના પરિવાર પણ આ સમયગાળા દરમ્યાન માનસિક ત્રાસ અનુભવેલ છે. આમ નરેશ અગ્રવાલ ધ્વારા ખોટા આક્ષેપો કરતાં તેઓના ધંધા ઉપર અસર થયેલ છે. લોકોનો મેવાડા ઉપરથી વિશ્વાસ ઘટે તેવું કૃત્ય હેમંત નરેશ અગ્રવાલ અને લેન્ડ ગ્રેબીંગ કમિટીએ કરેલ છે. અગાઉ નરેશ અગ્રવાલે પોતાને ત્યાં ઈક્મટેક્ષની રેડ પડાવેલી તે પાછળ પણ તેનો મનસૂબો લોકોના લીધેલા નાણાં પરત ના કરવા પડે તે જ હતો. હાલ ના સુરત કલેક્ટર સૌરભ પારઘી એ પણ દૂધે ધોયેલાં નથી. સુરત શહેરની ડુમસની બે હજાર કરોડ ની જમીન અંગે તેઓની નોકરીની શરૂઆતમાં જ બનાવ બનવા પામેલો. આમ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ ખોટી રીતે લેન્ડ ગ્રેબીંગ નો ગુન્હો દાખલ કરાવતા લેન્ડ ગ્રેબીંગ કમિટી વિરુધ્ધ સરકારમાં પગલાં લેવા ફરિયાદ કરવામાં આવેલ છે. અને નરેશ અગ્રવાલ, હેમંત અગ્રવાલ, નટવરલાલ હરલાલકા વિરુધ્ધ છગનલાલ મેવાડાએ માનહાનિની ફરિયાદ કરેલ છે.

# વડોદરામાં ગેસ બોટલના કાળા બજારનો પર્દાફાશ : ૩૦ ગેસ સીલીન્ડર સાથે સંગ્રહખોર સાદુલ ભરવાડની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં એક તરફ ગેસ ની અછત જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તો બીજી તરફ તેનો ગેરકાયદેસર સંગ્રહ કરી કાળા બજાર કરવાનુ નેટવર્ક ઝડપાયુ છે.



વડોદરા એસઓજી પોલીસે ખોડીયારનગર વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડી ગેસ બોટલના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઘટનાની મળતી માહિતી અનુસાર વડોદરા એસઓજી ની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે ખોડીયારનગર વિસ્તારમાં ગેસના સીલીન્ડરોનો ગેરકાયદેસર સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. આ રેડ દરમિયાન સ્થળ પરથી કુલ ૩૦ જેટલા ગેસના સીલીન્ડરો મળી આવ્યા હતા. જેમાં ઘરેલુ અને કોર્મશીયલ બંને પ્રકારના બોટલોનો સમાવેશ થાય છે. પોલીસે આ મામલે સંગ્રહખોરી કરનાર સાદુલ ભરવાડ નામના શખ્સની ધરપકડ કરી છે. પ્રાથમિક પુછપરછમાં આવ્યુ છે કે આરોપી સાદુલ ભરવાડ રામકૃપા એજન્સીમાં ટેમ્પો ચલાવવાનુ કામ કરે છે. એજન્સીમાં કામ કરવાની આડ માં તે ગેરકાયદેસર રીતે ગેસના બાટલા મેળવી તેનો સંગ્રહ કરતો હતો અને ત્યારબાદ ઉંચા ભાવે કાળા બજારમાં વેચતો હોવાની પોલીસ આશંકા સેવી રહી છે.

વડોદરા એસઓજીએ તમામ ૩૦ બોટલો જપ્ત કરી આરોપી વિરૂધ્ધ આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળ ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ અને રામકૃપા એજન્સીની આમા શું ભુમિકા છે. તે દિશામાં પણ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# કિંજલ રબારીની ઘર વાપસી થતા રબારી સમાજે કહ્યું સમાજની એકતા અને તાકાતની જીત થઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

કિંજલ રબારીના પ્રેમ લગ્ન વિવાદનો હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ અંત આવ્યો છે. ગાયીકા કિંજલ રબારી પોતાના નિવાસે પરત ફરી છે. સમાજના આગેવાનોની બેઠક બાદ કિંજલ રબારી ગઈ કાલે રાત્રે પોતાના ઘરે પરત ફરી ગઈ છે. સમાજના આગેવાનોએ આ બાબતને રબારી સમાજની જીત ઘણાવી છે.

રબારી સમાજની દિકરીએ સમાજ સામે બાંયો ચઢાવીને પ્રેમ લગ્ન કર્યા હતા અને નાયબ મુખ્યમંત્રી પાસે સુરક્ષાની માંગ કરતા વિડીયો પણ જાહેર કર્યા હતા. પરંતુ બે દિવસના આંતરજ્ઞાતિય વિવાદ બાદ ઘી ના ઠામમાં ઘી ઠર્યા જેવો ઘાટ સર્જાયો છે. ગાયીકા કિંજલ રબારીના પ્રેમ લગ્નમાં નવો વળાંક આવ્યો છે. ગઈ કાલે મોડી રાત્રે રબારી સમાજ અને ચૌધરી સમાજ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેના બાદ મોડી રાત્રે કિંજલ રબારી પોતાના ઘરે પરત ફરી હતી. એટલુ જ નહી કિંજલ રબારી સોશીયલ મીડીયા પરથી પોતાની તમામ પોસ્ટ હટાવી દીધી હતી. પ્રેમ લગ્નને લઈને કરેલી પોસ્ટ પણ કિંજલે હટાવી દીધી હતી. ગાયીકા કિંજલ રબારીની ઘર વાપસીને રબારી સમાજે સમાજની જીત ગણાવી છે. આ અંગે સમાજના આગેવાન ઠાકરશી રબારીએ કહ્યુ હતુ કે સમાજની એકતા અને સમાજના તાકાતની જીત થઈ છે. ટુંકાગાળાના પ્રેમને છોડી દિકરી પરત આવી છે. કિંજલ રબારીએ જાતે નિર્ણય લીધો અને તે પરત આવી છે. તેઓએ વધુમાં કહ્યુ કે મા-બાપ અને તેના સમાજના પ્રેમને સમજી તેના ટુંકાગાળાના પ્રેમને છોડી દિકરી પરત આવી છે. રાધનપુરના રબારી સમાજના યુવાનોએ ફોજ બનીને મહેનત કરીને પરીણામ લાવ્યુ છે તે યુવાનોના ચરણોમાં હું નમન વંદન કરૂ છું. કિંજલ રબારીએ જાતે નિર્ણય લીધો તે પરત આવી છે.

